REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. WPP REGD. No.GRJ-303



## અહીં તે છે

હતી ઝંખી જેને પ્રખર સહરાની તરસથી
અહીં તે છે હાવાં સકલ નભનાં નીર લઈને
ઝુકેલી, આકાશી શત શશી તણાં શૈત્ય લઈને
દ્રવંતી, સૂર્યોનાં સતત તપતાં તેજ લઈને

બધાં અંધારાંનો કવલ કરતી, વિશ્વ મરુતો
સમી વ્હેતી સંધાં વન તરુ તરુને પરસતી,
સ્ફુરતી ઉષ્માળા રુધિર સરખી તે નસ નસે,
સહુ સૌભાગ્યોની શિખરિત શિખા જેવી વિલસે.

હવે ફ્હેશું નાના સહુય ભુલકાંને જગતનાં,
અને મોટરાંને, ગલિત પલિતાંને, વ્યથિતને,
ઉદાસી-આશીને, મતિ-ચકરમાં બદ્ધ મનને,
ઘસી ઊર્ધ્વે જાતા, પ્રબલ તપસીના હૃદયને :

અહીં આવો ઓ સૌ, નિજ નિજ તણાં ભીતર લઈ
તમારે અર્થે હ્યાં અમૃતમયી તે છે અવતરી.

- સુન્દરમ્

DATE OF POSTING : 1st OF EVERY MONTH

# સહજ-સત્સંગ

અંક : ૨૩૧ વર્ષ : ૨૦ તંત્રી : ભૂપેન્દ્ર ત્રિવેદી માર્ચ : ૨૦૦૮






**અમને રાખ સદાતવ ચરણે,**

મધુમય કમળ સમા તવ ચરણે.
અમ તિમિર તેજ જગવજે,
અમ રુધિરે તવ બલ પેટવજે
અમ અંતરમાં તવ પદધરજે

– સુન્દરમ્



ધન્ય ધન્ય પ્રભુ, અમે તમારા બાળક પ્રણામ લે,
અમને ઉત્તમ જીવન દેજો, દુવા તમારી રેજો.

– સુન્દરમ્

# શબ્દોની ય પાર

સુન્દરમ્ તો સમગ્ર રીતે સુન્દર છે. એમણે યોગનો માર્ગ લીધો - એમ કહેવા કરતા પ્રભુએ એમને પોતાના માર્ગે ખેંચી લીધા ને પછી જીવનમાં પૂર્ણ અધ્યાત્મને પામી ગયા. એમના જીવનનું આમૂલાગ્ર પરિવર્તન ઈષ્ટ ગણ્યું. ખુદ કવિતા એમની પાછળ પાછળ ચાલી છે, શબ્દોએ જ જાણે સુન્દરમ્‌નો સાથ લીધો, તેઓ પૂર્ણ મા - મય બની ગયા. શબ્દો, શબ્દોની આરપાર, ને એથી ય પર બનીને ચાલ્યા. અનેકોને એમાં વહેતા કર્યા ને જગાડયા ય. ને દિવ્ય જીવન પ્રતિ ચાલતા કર્યા. એમનું જીવન શબ્દોએ શણગાર્યું છે. માતાજીના આ સંદેશને તેઓએ જીવનમાં મૂર્તિમિંત બનાવ્યો છે.

એ સર્વ શબ્દોની પાર, સર્વ વિચારોની પાર, એક અભીપ્સામય, શ્રદ્ધાની દ્યુતિમય એવી શાંતિમાં, તમારું સર્વસ્વ સંપૂર્ણતયા, મુક્તપણે અને નિશેષભાવે સર્વ અસ્તિત્વોના પરમ પ્રભુને અર્પણ કરો અને તેઓ તમને જેવા બનાવવા ઈચ્છે છે એવા બનાવશે.

-ભૂપેન્દ્ર



શ્રી અરવિંદ - શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં
સમજણ આપતું ગુજરાતી ભાષાનું
લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૩૧ વર્ષ : ૨૦
માર્ચ - ૨૦૦૭

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**
**તંત્રી : ભૂપેન્દ્ર ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન : ૨૫૬૩૪૯૪

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂ. ૧૦૦/-

**: ચેક/ડ્રાફ્ટ :**

મા શ્રી અરવિંદ સાધના કેન્દ્રના નામે મોકલી શકાય

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005
Phone : (0281) 2563494



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮
રાજકોટ

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)



**તંત્રી સ્થાનેથી**

## પ્રકાશની ખેતી કરનારો આપણા સુન્દરમ્

જૂગના જામે જડ ડુંગરના ડુંગરા
ચપટીમાં નાંખ્યા ઉખાડી,
ક્ષણમાં કિરણ તણી કણીઓ
વાવીને એણે
અણદીઠની મોહિની લગાડી
કે એક મેં તો ભાળી ભાળી
એક તેજોની પંખણી નિરાળી.

-સુન્દરમ્

શ્રી સુન્દરમ્‌નું આ કાવ્ય એમના બધા કાવ્યોમાં એ જાણે કેમ શિરમોર કાવ્ય હોય તેમ મને એટલું બધું આકર્ષી ગયું છે - આ કાવ્યમાં તેઓ જાણે માતાજીની અલૌકિક કાર્યશક્તિને એક અદ્‌ભૂત કાવ્યમાં કંડારી શક્યા છે. શબ્દોની સાથે સાથે એમણે પ્રકાશની પણ ખેતી કરી છે. ડાંગરના ખેતરમાં સીંચેલા ક્યારાઓમાં (એક એક વ્યક્તિની અંદર) એક એક પ્રકાશના કિરણોને વાવી રહેલા માતાજીની પાછળ પાછળ, જેમ એક ખેડૂતની પાછળ પાછળ એનો છોકરો કામ કરતો ચાલ્યો



આવે તેમ સુન્દરમ્ માતાજીની પાછળ પાછળ પ્રકાશની ખેતી કરતા કરતા ચાલ્યા જતાં કેમ ન હોય - એમણે નિહાળ્યું - એક ભારે કૌતુક અલૌકિક દૃશ્ય - જે કદિ જોવા ન મળે - તેઓ કહે છે, 'એક મેં તો ભાળી ભાળી, એક તેજોની પંખણી નિરાળી' જે કાર્ય કરવાને યુગો જેવડો સમય લાગે, જેને કાઢવા માટે એક નહિ સેંકડો જન્મો લાગે એવા જીવનમાંથી જડતા ને તમસના યુગોથી ખડકાયેલા ડુંગરોના ડુંગરોને જાણે એમણે એક ચપટીમાં ચોળીને ઊખેડીને ફેંકી દીધા. આ વિરાટ ને અસંભવ લાગતા કાર્યને એ દિવ્ય શક્તિ જ કરી શકે. આવું સુંદર આ કાવ્ય છે.

કવિની દષ્ટિમાં આ વાત એક અલૌકિક દશ્ય તરીકે ઊભરી આવે છે તેનું વર્ણન કરતાં તેઓ કહે છે, તે દિવ્ય શક્તિ સ્વરૂપા તો છે એક પાંખળી પંખિણી - એ ઊર્ધ્વમાં જ ઉડ્ડયન કરે છે. ઊર્ધ્વનો એનો પ્રદેશ છે, ને જ્યારે તે અહીં અવતરણ કરે છે, ઊડી આવે છે ત્યારે તે એવું તો અદ્‌ભૂત કાર્ય કરે છે - જાણે કે એક ક્ષણમાં અહીંથી તમસને અવચેતનથી ભરેલી ભોમકામાં પ્રકાશના કિરણોની ખેતી કરવા માંડે છે. સુક્કીભઠ્ઠ જમીનમાં એની વાવણી કરે છે. આવું વિરાટ ને અસંભવિત એવું દિવ્ય કર્મ કરનારીને મેં જોઈ એટલું જ નહિ એણે મારા પર મોહિની લગાડી. એ પંખાળી પંખિણી બીજી કોઈ નહિ પણ દિવ્ય ચેતના શક્તિ સ્વરૂપા માતાજી પોતે જ.

### એક સંદેશ

સર્વ શબ્દોની પાર, સર્વ વિચારોની પાર, એક અભીપ્સામય શ્રદ્ધાની દ્યુતિમય એવી શાંતિમાં, તમારું સર્વસ્વ સંપૂર્ણતયા, મુક્તપણે અને નિઃશેષભાવે સર્વ અસ્તિત્વોના પરમ પ્રભુને અર્પણ કરો અને તેઓ તમને જેવા બનાવવા ઈચ્છે છે એવા બનાવશે.

- શ્રી માતાજી

# અભીપ્સા

- સુન્દરમ્

યોગમાં 'યોગ' પછીનો પહેલો શબ્દ આવે છે 'અભીપ્સા'. અને પછી આવે છે 'સમર્પણ' અને 'પરિત્યાગ'.

'અભીપ્સા' શબ્દ બન્યો છે 'અભી-ઈપ્સા'માંથી. ઈપ્સા એટલે કશુંક મેળવવાની ઈચ્છા. એની આગળ 'અભિ' પૂર્વગ મુકાતાં એમાં ગતિનો અર્થ આવે છે. આપણી ઈચ્છાના પદાર્થ પ્રત્યે, 'ઈપ્સિત' તત્ત્વ પ્રત્યે આપણે ગતિ આદરીએ છીએ. અને અહીં તે 'ઈચ્છા'થી જુદો અર્થ ધારણ કરવા લાગે છે. 'ઈચ્છા'માં આપણે વસ્તુને આપણી પાસે ખેંચતા હોઈએ છીએ, એ વસ્તુને આપણી અંદર લઈને આપણી પુષ્ટિ, વૃદ્ધિ, તૃપ્તિ કરીએ છીએ.

જડતત્વની કશી પણ ગતિ વિનાની અવસ્થા કરતાં પ્રાણની આ ઈચ્છારૂપ ગતિ એ આગળનું પગલું છે. પણ એ ઈચ્છા માણસના અહંની ગતિ બની જઈ તેની પ્રગતિને એક વખતે અટકાવી દે છે. એ પ્રગતિ માટે પછી માણસે પોતાના અહંમાથી નીકળી પોતાના કરતાં કોઈ વધુ મહાન તત્ત્વ પ્રત્યે વળવું જોઈએ. એ બને છે અભીપ્સા. ઈચ્છા આપણને સંકોચમાં લઈ જાય છે,



જ્યારે અભીપ્સા આપણને વિસ્તારમાં, વિશાળતામાં ઊર્ધ્વતામાં લઈ જાય છે.

આ વસ્તુ આપણે ઈચ્છાની ગતિનું વિશેષ અવલોકન કરીને સમજી શકીએ છીએ. કોઈ પણ પદાર્થ પ્રત્યે જાગતો ઈચ્છાનો નાનકડો અંકુર પછી 'કામના'નું સ્વરૂપ લે છે, એથી વધુ તીવ્ર બની તે 'લાલસા' બને છે, અને છેવટે તે એક 'વાસના' બની જાય છે, એટલી બધી કે પછી માણસ એમાં જ રહેવા લાગે છે, અને એ દૃઢ બનેલી વાસના માણસને જન્મજન્માંતરમાં વળગેલી રહે છે. વસ્તુ મેળવવાની આ વૃત્તિ જો પશુની રીતે ગતિ કરવા લાગે છે તો તે વસ્તુ ''લોલુપતા' 'બુભુક્ષા' ' જિઘૃક્ષા' જેવી ભયંકર ઉત્કટતા ધારણ કરે છે; એટલું જ નહિ, એની સાથે 'ક્રોધ' 'સંમોહ' 'સ્મૃતિ-ભ્રંશ' 'બુદ્ધિનાશ' અને 'સર્વનાશ' - પ્રણાશ એમ ગીતાએ કહેલી દારુણ દશાની પરંપરા સર્જાય છે. એટલે જ ઈચ્છાનો માર્ગ તે માણસને માટે વિકાસનો માર્ગ નથી.

અને તેથી માણસને જ્યારે ઈચ્છા-પથની નિષ્ફળતા દેખાઈ આવે છે ત્યારે ત્યાંથી તે હઠી જઈને અભીપ્સાનો માર્ગ લે છે. માણસ હવે વધુ, વિશાળ, મહાન, ઉન્નત, ઊર્ધ્વ, ઉદાર, નિર્મળ, પ્રસન્ન, આનંદમય, શાંતિમય, કલ્યાણમય, શક્તિમય વસ્તુઓ પ્રત્યે જવા નીકળે છે. અને માનવના વિકાસમાં આ અભીપ્સાની ગતિ પણ અમુક વખતે અનિવાર્ય રીતે આવીને ઊભી રહે છે. જેવી રીતે જડતત્વની અંદર ઈચ્છાનો-પ્રાણનો, નિમ્ન પ્રાણનો ઉદય થયો તેવી જ રીતે આ પ્રાણમાં હવે ઊર્ધ્વ પ્રાણનો અને જાગૃત બુદ્ધિનો-અભીપ્સા અને જ્ઞાનનો, વિવેક, વિચાર અને ઊર્ધ્વ ગતિનો આરંભ થાય છે.

હવે એનામાં રહેલી 'બુભુક્ષા' (ખાઉં-ખાઉં કરતી ભૂખ) તે જિજ્ઞાસા'

બનવા લાગે છે, જિઘૃક્ષા' (મેળવવાની લાલસા) તે 'સમર્પણ'ની દિશામાં જવા લાગે છે. હવે વસ્તુઓ મેળવવી એને વાડી ગાડી અને લાડી, ધન અને યશના ઢગના ઢગ મેળવવા એને બદલે તેનામાં 'મુમુક્ષા' - મુક્ત થવાની ઝંખના જાગે છે. પહેલાંના યોગોના બે મુખ્ય શબ્દો હતા, 'જિજ્ઞાસા' અને 'મુમુક્ષા'. પરંતુ પૂર્ણયોગમાં આ બંને શબ્દો હોવા છતાં તેમને તેમાં અગ્રસ્થાન નથી. પૂર્ણયોગ માણસને અવશ્ય મુક્તિ અપાવે છે, પણ મોક્ષ તે આ યોગની અંતિમ સિદ્ધિ નથી. પૂર્ણયોગ તે માત્ર મોક્ષનો યોગ નથી. એટલે મુમુક્ષા કરતાં પણ વિશેષ વ્યાપક અર્થવાળો શબ્દ 'અભીપ્સા' આપણે લીધેલો છે.

આમાં તમારી ગતિ કોઈ ઉર્ધ્વ બૃહત્ તત્ત્વ પ્રત્યે શરૂ થઈ તે પછી મોક્ષ આગળ જ અટકી જતી નથી; પરંતુ ત્યાંથી પણ તે આગળ ને આગળ અનંતની અંદર વધ્યે જ જાય છે. અને વધતી વધતી તે મુક્તિથી પણ ઘણી ઊંચી અવસ્થામાં પહોંચે છે. માણસ તેનું પોતાનું જે મૂલ સ્વરૂપ છે, મૂલ સત્ય છે, તેમ જ જગતનું પણ જે મૂલ સ્વરૂપ અને સત્ય છે ત્યાં 'સત્ય' જ્ઞાનમનન્ત બ્રહ્મ'માં - પરમાત્મામાં પહોંચે છે, પરમાત્મારૂપ બની રહે છે, પછીથી એની સર્વ ગતિ તે પરમાત્માની, પરમાત્મા તરીકેની બની રહે છે. એ પ્રકૃતિમાંથી મુક્ત બની જાય છે; એટલું જ નહિ, પણ તે પ્રકૃતિનો સ્વામી, પુરુષ-પરમાત્મા બની જાય છે. મુક્તિનો સાધક મનુષ્ય પ્રકૃતિને રેઢી મૂકીને પુરુષરૂપે બહાર નીકળી જતો હતો તેને બદલે પૂર્ણયોગનો સાધક મુક્ત બનીને પાછી પ્રકૃતિને હાથમાં લે છે. પ્રકૃતિ કે જે અહીં લઘુ બંધનરૂપ હતી, માયારૂપિણી હતી, એ પ્રકૃતિને પણ તેના એ બંધનકારક સ્વરૂપમાંથી તે મુક્ત કરે છે. આત્માનો જ નહિ, પરંતુ પ્રકૃતિનો પણ મોક્ષ એ બેવડું કાર્ય પૂર્ણયોગે હાથમાં લીધેલું છે, અને આ મુક્ત બનેલી પ્રકૃતિ કેવી હશે ? - એ અદ્ભૂત બનાવ પૂર્ણયોગમાં બને છે. પ્રકૃતિ પણ દિવ્ય પ્રકૃતિ બને છે, માયા તે દિવ્ય



માયા, વિશ્વની આદ્ય સર્જક શક્તિ બને છે. અને એ દિવ્ય પ્રકૃતિને ધારણ કરતો આત્મા સક્રિયરૂપે, પ્રભુના જગતમાં કાર્ય કરતા અંશરૂપે, આવિર્ભાવરૂપે, પ્રાકટ્યરૂપે કામ કરતો થઈ જાય છે.

આમ, માનવની અભીપ્સાની ગતિ તે માનવમાં પ્રભુના આવિર્ભાવ સુધી પહોંચે છે. એ અભીપ્સા, 'ઈચ્છા' જેવી રીતે કામના વાસનારૂપે ઉગ્ર બનતી-બનતી આખરે સર્વનાશ લગી માણસને પહોંચાડે છે, તેથી ઊલટી રીતે માણસની ચેતનામાં વધુ ને વધુ ઉત્કટતા લાવતી લાવતી તેને સમર્પણના છેડા લગી લઈ જાય છે. આ અભીપ્સા અને સમર્પણની વચ્ચે માનવની વિકસતી જતી ચેતનાની વિધ વિધ કક્ષાઓ આવે છે. ઈચ્છાની કક્ષામાંથી નીકળી ગયેલો માણસ-એનું અંતર પ્રભુ શબ્દ કે પ્રભુ નામનું તત્વ પહેલે પગથિયે હોય જ છે એવું કાંઈ હોતું નથી. માત્ર એની આંતર ચેતનામાં એક સ્ફૂરણ જાગે છે. 'મારે કંઈક વિશેષ જોઈએ' - શું જોઈએ એનું નામ પણ તે પાડી શકતો નથી. પણ એની આ અભીપ્સા હમેશાં અનંત અને શાશ્વતની દિશામાં ગતિ કરે છે. ન ખૂટે, ન મટે એવો પ્રેમ, એવું સૌન્દર્ય, આનન્દ, જ્ઞાન, શક્તિ-એવું એવું કંઈક એનું અંતર મૂંગુ મૂંગુ ઝંખવા લાગે છે. અને આ અભીપ્સાનો અગ્નિ પછી વધવા લાગે છે. અભીપ્સા તે ઝંખના બને છે, રટણ બને છે. માણસને અહર્નિશ તે આકુલ અને વ્યાકુલ રાખે છે, અને એક વખત એવો આવે છે કે માણસ પોતાના આ 'ઈપ્સિત માટે નીકળી પડે છે. એનું રટણ એને અટનમાં, પર્યટનમાં પ્રેરે છે, માણસ નીકળી પડે છે. પરિવ્રાજક બને છે, 'ભમતો ભૂત' બની જાય છે.

અને એક સુભાગી ક્ષણે તે ' સમર્પણ' ના ઉં બરે આગળ આવીને ઊભો રહે છે.

# ‘સમર્પણઃ પરિત્યાગ’

- સુન્દરમ્

હવે ‘સમર્પણ’ અને ‘પરિત્યાગ’નો વિચાર કરીશું. આ શબ્દો એવા છે કે તે કાને પડતાં પ્રથમ તો માણસ બે હાથે કાન જ બીડી દે છે. એનામાં એક રીતનો ભય, ધ્રાસ્કો પડે છે. એક રીતે તો ‘યોગ’ પોતે જ મહા ભય, પમાડનારી વસ્તુ છે. લોકો ‘યોગ’થી ઓછા ડરતા નથી. યોગ આવીને જાણે પોતાનું કાંઇ લુંટી જશે, એથી પોતે ખેદાનમેદાન થઇ જશે, પોતાનો સર્વ નાશ થશે એમ માણસને થાય છે. અને યોગની વાત બંધ થાય ત્યારે રાહત-આનંદ અનુભવે છે.

તો મુદ્દાની વાત એ પણ છે કે યોગ જેને આનંદ ઉત્પન્ન ન કરતો હોય, ઉત્સાહ પ્રેરતો ન હોય તેણે તે કરવાનો જ નથી. ગીતા કહે છે તેમ યોગ ‘અનિર્વિષ્ણ’-પ્રસન્ન, વિષાદરહિત મનથી કરવો જોઇએ, નહિ તો ન કરવો. પણ યોગ જો આનંદનો અને વિકાસનો ઘાતક છે એમ માનીએ તો પછી જીવનમાં બીજી એવી કંઇ વસ્તુ છે કે, જે માણસને અખંડ આનંદની-અનંત વિકાસની ગેરન્ટી આપી શકે? યોગની સામેનું ભોગનું જીવન, સંસારનું જીવન. કામના અને વાસનાનું જીવન, અજ્ઞાન અને અહંકારનું જીવન એ શું માણસને પેલી અનંત અખૂટ પરમ આનંદ-પરમ વિકાસની ગેરન્ટી આપે છે ખરી? ખરી વાત તો એ છે કે



આ પ્રાકૃત-પ્રકૃતિનું જીવન આ ગેરન્ટી-અભયવચન આપી શકતું નથી એટલે તો માણસ એક ક્ષણે ભોગનો ‘ભોગ’ બનવાનું બંધ કરે છે અને મુકિતનો માર્ગ લે છે. અને આમ માણસે ‘માર્ગ’ લીધો, બળતા ઘરમાંથી જાણે છૂટયા, તે પછી એને માટે શીતળતા, પ્રસન્નતા, આનંદ, વિકાસ, મુકતના પ્રદેશો ચોક્કસપણે ખૂલતા જાય છે. ‘વૈરાગ્યમેવાભયમ્’ આ કહ્યું છે તે સોએ સો ટકા સાચું ઠરે છે. એ સ્થિતિમાં ‘સમર્પણ’ અને ‘પરિત્યાગ’ બંને આનંદની ક્રિયાઓ બની રહે છે. અને વિકટ છતાં સહેલી બની રહે છે.

આમ જુઓ તો આ બંન્ને ક્રિયાઓ માણસને માટે નવી વસ્તુઓ નથી. માણસ જમ્યો છે ત્યારથી આ બંને ક્રિયાઓ કરતો જ રહેલો હોય છે. સાપની પેઠે અથવા તો તેથી યે વિશેષપણે માણસ જીવનની ગતિમાં એક પછી એક કાંચળીઓ ઉતારતો જ જાય છે. અને નવી નવી વસ્તુઓના હાથમાં પોતાની જાતને મૂકતો-સોંપતો જાય છે. એક રીતે તો કહીએ તો આખું જીવન સમર્પણની જ એક સળંગ પ્રક્રિયા છે. માના ખોળામાં પડેલું બાળક, શિક્ષકના હાથમાં વિદ્યાર્થી, ડોકટરના હાથમાં દર્દી, પ્રેમીની બાથમાં પ્રેમી આ બધી સમર્પણની અવસ્થાઓ છે.

પણ આમાં ખરી મહત્વની વસ્તુ તે એ છે કે માણસ કોના હાથમાં છે, એનું માથું કોના ખોળામાં છે એ જોવાનું છે. જગતમાં અનેક અનેક વસ્તુઓ, વ્યકિતઓ, તત્વો, વિચારો, લાગણીઓ, આદર્શો, ભાવનાઓ-એ બધાને માણસ પોતાની જાત સોંપીને બેઠો છે. અને એ બધાં એનું શું કરે છે? કેટલાંક એને આખો ને આખો ઓહિયાં કરે છે, તો કેટલાંક એને થોડુંઘણું પોષણ આપીને અટકી જાય છે. સમજણા અને જ્ઞાની પુરુષો માણસને પોતાની પાસે વળગાડી ન રાખતાં કોઇ વધુ ઉચ્ચ, વધુ સમર્થ, વધુ મહાન તત્વના હાથમાં મૂકી આપે છે. મા બાળકને ધાવણ મુકાવી પુષ્ટિકારક ખોરાક પર ચડાવી દે છે, શિક્ષાગુરુ, વિદ્યાર્થીને આગળ ને આગળ ઊંચાં ધોરણોમાં મોકલતો હોય છે. અને એ રીતે આખું જીવન અને આખું ય જગત, સારીયે પ્રકૃતિ માણસને પોતાની અંદરથી બહાર ધકેલીને

પ્રભુની પાસે પહોંચાડતી રહે છે.

યોગમાં જે 'સમર્પણ' છે તે આ પ્રભુને થતું સમર્પણ છે, 'પરિત્યાગ' છે તે જીવનનાં આ નીચલાં તત્વોનો, નીચલાં પગથિયાનો પરિત્યાગ છે. એટલે માણસે 'સમર્પણ'થી તો ગભરાવાનું નથી. સમર્પણ તો એને આવડે જ છે. પણ તે હવે પ્રભુને સમર્પણ કરી શકે છે કેમ કે તેટલો જ પ્રશ્ન રહે છે. શ્રી માતાજી કહે છે તેમ માણસ જો પ્રભુને સમર્પિત નથી તો પછી તે પ્રકૃતિને સમર્પિત છે. પોતે પ્રભુને સમર્પણ નથી કર્યું એટલે પોતે ઉચ્ચ અવસ્થામાં છે એમ રખે કોઇ માને. એ અવસ્થા તો પ્રભુથી હેઠળનાં કોઇ તત્વોના હાથમાં હોવાની સ્થિતિ છે.

પણ જીવનના વિકાસમાં પ્રભુ તરફની ગતિ, પ્રભુને સમર્પણ, પ્રભુનું મિલન એ જો નૈસર્ગિક ક્રમે આનારી સ્થિતિ છે. તો પણ તે સહેજ રીતે કે સીધી લીટીની રીતે આવી જતી નથી. જગતનાં તત્વો, અને તેમના પ્રવાહો તે અનેક રીતે આડાઅવળા અને ગૂંચવણીયા છે. પ્રકૃતિનાં તત્વો સીધી રીતે પ્રભુ તરફ નથી જતાં, પણ પોત પોતાની ગતિમાં ફર્યા કરે છે અને લાંબા વખત સુધી માણસને તેમાં જ પૂરી રાખે છે. માણસમાંનું આંતર તત્વ, એની બુદ્ધિ, એનો આત્મા જયારે પુખ્ત બને છે ત્યારે તે સીધાં પ્રભુ તરફ જવાનું સામર્થ્ય ધરાવેછે. અને અહીં પ્રભુથી વિમુખ એવી પ્રકૃતિ અને પ્રભુ તરફ અભિમુખ એવો માનવ-આત્મા એ બેની વચ્ચે ગજગ્રાહ જેવું જન્મે છે, અને પ્રભુની કૃપા પામેલો, પ્રભુથી રક્ષાયેલો આત્મા-ગજ પ્રકૃતિના ગ્રાહના ગ્રાસમાંથી વધુ ને વધુ છૂટતો જાય છે, પ્રકૃતિનાં-અજ્ઞાનનાં, બંધનનાં તત્વોનો તે વધુ ને વધુ પરિત્યાગ કરતો જાય છે. અને પોતાની જાતને, પોતાની અંદરનાં અગણિત તત્વોને વધુ ને વધુ પ્રભુના હાથમાં મૂકતો જાય છે.

અને આ બંને ક્રિયાઓ બહુ સભાન રીતે, સંકલ્પપૂર્વક થતી જાય છે, એ રીતે કરવાની છે. 'દિવે દિવે...ધિયા વયમ્ નમો ભરન્ત એમહિ'-વેદના પ્રથમ સૂકતમાં ઋષિ કહે છે તેમ. જ્ઞાનપૂર્વક, રોજ રોજ, નમસ્કાર કરતા કરતા તારી પાસે આવીએ છીએ, કેટલાક ભકતો સાષ્ટાંગ નમસ્કાર કરતા કરતા તીર્થમાં પહોંચે છે



તેના જેવું કંઇક.

અને આ બંને ક્રિયાઓ સાધકે અસ્ખલિત રીતે, સતત, કહો કે અનન્ત કાળ લગી કર્યે જવાની છે. એમાં પ્રગતિ છે, પણ એનો અંત નથી. હા અંત આવે છે ખરો, જયારે સાધક પૂર્ણરૂપે પ્રભુમાં પહોંચી જાય છે ત્યારે. સાધકનું એકેએક તત્વ, પ્રકૃતિના હાથમાંથી નીકળી પ્રભુના હાથમાં પહોંચી જાય ત્યારે. અને એ તો સિદ્ધિની, પૂર્ણતાની અવસ્થા થઇ. એ કેટલી દૂર છે તેની ગણતરી કરવાની જરૂર નથી. સમર્પણની મજલ શરૂ થઇ હોય તો તે બસ છે. આપણી અંદરનું કોઇ જોરદાર તત્વ જાગી ઊઠે, આખીયે પ્રકૃતિના ભારણને સિંહ પીઠ પરથી ઝાકળનાં ટીપાં ખંખેરી નાખે તેમ ખંખેરી દે, પછી ભલે એક ક્ષણ પૂરતું પણ તે હોત, તોપણ બસ છે. પછી તો પ્રભુના હાથમાં જઇ બેઠેલા એ ચિત્પુરુષને ગજબનું રક્ષણ, અનંત શકિતનો પુરવઠો મળી જાય છે. પ્રકૃતિનાં સૈન્યોના હુમલા તો આવશે અને લોહીલુહાણ પણ થવાશે, પણ હવે તો પ્રભુનો યોગ શરૂ થયો છે, પ્રભુને સમર્પણ થયું છે એટલે જવાબદારી એની છે પ્રભુની. એ સંભાળી લેશે.

સમર્પણ પરિત્યાગ-પરિત્યાગ સમર્પણઃ એમ બે પાવડી પર ચાલતો ચાલતો પ્રભુનો ચિદંશ- માનવ આત્મા, યોગનો સાધક બનેલો મનુષ્ય પ્રભુની પાસે પહોંચે છે. આ બંને ક્રિયાઓ માણસને વધુ ને વધુ બળવાન અને પુષ્ટ બનાવતી જાય છે. સમર્થ અને સમૃદ્ધ કરતી જાય છે. પ્રકૃતિની- વાસનાઓ અને અહંકારની, અજ્ઞાન અને અવિદ્યાની જે મર્યાદકતા અને બાધકતા છે તેને બદલે પ્રભુની વિશાળતા અને સર્જકતા, ઊર્ધ્વતા અને અનન્તતા સાધકને મળતી થાય છે. હવે જ, યોગમાં સસંકલ્પ ગતિ કરવા માંડયા પછી યજ, માણસને માટે આનંદ, જ્ઞાન, સૌન્દર્ય, પ્રકાશ, સુખ, તૃપ્તિ, પુષ્ટિ, શકિત આદિના અનર્ગળ ભંડાર ખૂલવા લાગે છે.

બાલદક્ષિણાઃ નવેમ્બર, ૧૯૫૯





# 'સત્યનિષ્ઠાઃ શ્રદ્ધા'

-સુન્દરમ્

આપણે હવે 'સત્યનિષ્ઠા'ને 'શ્રદ્ધા' એ બે શબ્દોનો વિચાર કરીએ. યોગ માટેની જો મોટામાં મોટી કોઇ લાયકાત હોય તો તે સત્યનિષ્ઠા છે. અને સત્યનિષ્ઠા ન હોવી તે મોટામાં મોટો ગેરલાભ- મોટામાં મોટી મુશ્કેલી છે. શ્રી માતાજી કહે છે, 'સત્યનિષ્ઠા ન હોય તો માણસ આગળ વધી શકતો નથી, એક અડધું ડગલું પણ..' શ્રી અરવિંદ કહે છે, 'માત્ર એક જ વસ્તુ કાયમના વિઘ્નરૂપ બની શકે છે- એ છે અસત્યતા. પણ પણ વિઘ્નરૂપ બનવી જ જોઇએ એમ નથી, કેમ કે એમાં પણ પલટો આવી શકે છે.'

આ આશાનું કિરણ છે એટલે જ આપણને આશ્વાસન રહે છે. આપણામાં રહેલી અસત્યતા બદલાઇ શકે છે. ગમે તેવી મલિનતા, પાપવૃતિ, દોષો માણસમાં હોય તો પણ તેમાંથી તે બહાર નીકળી શકે છે. આ બહાર નીકળવાનો સાચો ધક્કો માણસમાં શરૂ થાય એટલે તેનો યોગ- યોગનું નામ પાડયું હોય કે ન હોય તો પણ- શરૂ થઇ જાય છે. તે સત્ય સાથે જોડાવા નીકળી પડે છે. સત્ય સાથે જોડાવું છે, સત્યમાં, ખરેખર સત્યમાં પહોંચવું છે, તેમાં સ્થિર થવું છે, આ છે સત્યનિષ્ઠા, સત્યની, પૂર્ણ સત્યની સિદ્ધિ તો માણસ માટે ઘણી દૂરની વાત છે, પણ એ સત્યની

માગણી તો માણસના જીવનમાં ગમે ત્યારે જાગે છે, અને એ જાગ્યા પછી આસપાસના અજ્ઞાન અને અસત્યના જંગલને ભેદતો ભેદતો તે આગળ વધે છે.

'મારે તો સત્ય જ જોઇએ' આવો સંકલ્પ તો માણસ સહેલાઇથી કરી શકે છે. પણ એ સંકલ્પ ઉપર માણસની પ્રકૃતિનાં અનેક તત્વો પોતાનો અંધાર પિછોડો નાખી દે છે. સત્યનો સંકલ્પ જાગતાં જાણે કે માણસની ચેતનામાં એક પ્રકાશ, એક દીપક પ્રકટે છે. એના બત્રીશે કોઠામાં અજવાળું થઇ જાય છે જાણે. શ્રી માતાજી કહે છે તમે તે 'પારદર્શક' થઇ જાય છે. એનામાં પ્રપંચનું, દગાનું, લોભનું, મોહનું, અહંનુ કોઇ વાદળ તે ક્ષણે રહેતું નથી. અને જયારે આ બધાં તત્વો માણસમાં જાગે છે ત્યારે તે ક્ષણે માણસનો પ્રકાશ ઢંકાઇ જાય છે. એ- એનું આંતરતત્વ જાણે કાળું સાહી થઇ જાય છે. એ પોતે બહારથી ભલે ગમે તેટલો શિષ્ટ, સુજન, વિનમ્ર, હસમુખ દેખાય પણ એની અંદર જોતાં આવડે તો ત્યાં, શ્રી માતાજી કહે છે તેમ, વાદળ હોય છે. દીવાલ હોય છે, કશીક કાળીમેશ વસ્તુ હોય છે, કોઇ જાડું દુર્ભેદ્ય તત્વ, કાંસાનું બારણું હોય છે.

સામાન્ય જીવનમાં પણ માણસની સાચી પ્રગતિ આ સત્ય- નિષ્ઠાના આધારે જ થાય છે. યોગમાં ફેર એટલો છે કે આ સત્ય નિષ્ઠાની માગણી ઘણી ઘણી વધી જાય છે. જીવનમાં તો કામ ક્રોધાદિકનાં કાળાં બજાર કરીને માણસ ફાલ્યો ફુલ્યો ફરે છે. બેશક, અંતે વિજય તો સત્યનો જ થાય છે. પણ અંત ન આવે ત્યાં સુધીમાં તો અસત્યના વિજયધ્વજ ઘણા ઘણા ફરકી જાય છે. પણ યોગમાં આવો અંધકાર વિજય પામી જ શકતો નથી. તમે સાચા પ્રકાશના સ્પર્શથી, સત્યમય ગતિથી જે પ્રગતિ સાધી હોય છે તે પ્રગતિ સત્ય વિરૂદ્ધની ગતિથી કદી સધાતી જ નથી. એક દુષ્ટતાનું સેવન કરી લઇને તમે કોઇપણ રીતે શાંતિનો અનુભવ કરી શકતા જ નથી. પ્રકૃતિના અજ્ઞાનમય જીવનમાં આપણે મન મનાવી લઇ શકીએ છીએ, તમાચો મારી મોં લાલ રાખી શકીએ છીએ. યોગમાં એ બની શકતું નથી. આપણે શાંતિમાં હોવાનો આનન્દમાં હોવાનો, પ્રસન્નતાનો, વિશાળતાનો ઢોંગ કરી શકતા નથી. આપણો મેલ વેચની યોગના બજારમાં નાણાં ઉપજાવી શકતા નથી. આપણી દુષ્ટતા કે દુર્વૃતિને લઇને ગુરુને આપણે છેતરી શકતા નથી. ગુરૂને



ફોસલાવીને તેની પાસેથી કામ કઢાવી લઇ શકતા નથી. અને પ્રભુને છેતરવાની તો વાત જ કયાં રહી?

યોગમાં નર્યો નગદ વ્યવહાર ચાલે છે. સત્યનિષ્ઠા હોય છે, જે ક્ષણે, જેટલા, તે ક્ષણે તેટલી નરી પ્રગતિ થાય છે. જે ક્ષણે અસત્યતા માણસમાં કામ કરવા લાગે છે તે જ ક્ષણે પ્રગતિનાં શાન્તિ અને વિશળતાનાં, પ્રકાશ અને આનંદનાં બારણાં ફટોફટ વસાઇ જાય છે. આપોઆપ જ દિવ્યતાના સ્વર્ગમાંથી આદમ અને હવાને વિદાય મળી જાય છે.

એટલે યોગનો સાધક પોતાની મુઠ્ઠીમાં હંમેશા 'સત્યનિષ્ઠા'નો સિક્કો લઇ આગળ વધે છે. એ હંમેશા પોતાની મુઠ્ઠી ખોલીને જોતો રહે છે કે પોતાના હાથમાં કયા કયા સિક્કા છે, અને કેટલી સિક્કાને વિસર્જન કરતો તે આગળ વધે છે તેમ તેમ સાચા સિક્કાઓથી તેની ઝોળી ભરાતી જાય છે. અને એક દિવસે તે સત્યના પૂર્ણ ધામમાં પહોંચે છે.

સત્યનિષ્ઠા એ રણકતા કલદાર જેવી છે, તો શ્રદ્ધા એ જલતા દીપક જેવી છે. માણસ પોતાનામાં આ દીપક લઇને જ જન્મેલો છે, પણ એ દીપકને ઝંઝાની ઝપટો વાગે છે, તે ગૂંગળાય છે, ધૂંધવાય છે, બુઝાય પણ છે. પણ માણસની અંદર જ એવી એક સામગ્રી પડેલી છે કે જે સળવળી ઉઠે છે ને પાછી જયોત જાગે છે. આ દીપક પ્રગટે અને બુઝાય, બુઝાય અને પાછો પ્રગટે એવી સ્થિતિમાંથી પસાર થતાં થતાં માણસને આગળ વધવાનું રહે છે.

શ્રી માતાજી કહે છે 'શ્રદ્ધા' શબ્દને બદલે 'વિશ્વાસ' શબ્દ વાપરીએ તો 'શ્રદ્ધા'થી જે કામ લેવાનુ છે તે વધારે સારી રીતે લઇ શકાશે. કોનામાં શ્રદ્ધા, કોનામાં વિશ્વાસ, શાની શદ્ધા, શાનો વિશ્વાસ? પ્રભુમાં- પ્રભુની કરુણામાં, પ્રભુના મિલનની શકયતામાં, પ્રભુ સાથેના આપણા સંબંધની સત્યતામાં. પ્રભુને જોયા નથી હોતા, જાણ્યા નથી હોતા, તો પણ આપણામાં રહેલી કોઇક ઊંડી વસ્તુ- પ્રભુ સાથેના તેના આંતરિક સંબંધને લીધે, ખરું જોતાં તે પ્રભુનો જ એક અંશ, એના તત્વનું જ એક તત્વ હોવાને લીધે- સ્વતઃ પ્રભુ તરફ અભિમુખ બની ગતિ કરવા લાગે છે. મારા જીવનનું પરમ ઈષ્ટ મને મળશે જ, મારું જીવન નિષ્ફળ

જવાનું નથી, મારી પ્રવૃતિને, પ્રગતિને, સિદ્ધિને જીવનની કૃતાર્થને આંચ આવવાની નથી, આવી શ્રદ્ધાથી માણસ જીવન શરૂ કરે છે. જીવનમાં આસપાસ તેને તેના જીવનનાં પોષક અને સર્જક અને પ્રેરક તત્વો, માબાપ, ગુરુ, મિત્ર, જ્ઞાન, બળ, આનંદ મોજૂદ દેખાય છે અને તે શ્રદ્ધાની ગતિથી- શ્રદ્ધાનું નામ સાંભળ્યા વિના, નામ પાડયા વિના આગળ વધતો રહે છે.

પણ જીવનમાં બીજાું પણ ઘણું ઘણું આવે છે, અને આ શ્રદ્ધાનો ઠેરઠેર થી, જયાં જયાં તેણે શ્રદ્ધા મુકી હોય છે, ત્યાં ત્યાં હરેક સ્થળેથી તેનો ઇનકાર- નકાર આવે છે. કેટલીક વાર, ઘણી વાર શ્રદ્ધાને બદલે શંકા જ તેનો સાથી, સલાહકાર અને ગુરુ બની રહે છે.

યોગમાં, જીવનની ગંભીરમાં ગંભીર ગતિમાં આપણે જયારે જવા નીકળીએ છીએ ત્યારે, પછી આપણે, શ્રી માતાજી કહે છે તેમ ચહ ચબા કચૌર શ્રદ્ધાની એક ક્રિયા કરવી પડે છે. અશ્રદ્ધા, શંકા અને કુશંકાના દળવાદળની સામે આપણા સ્વરૂપને ધુણાવીને પાછું શ્રદ્ધામાં સ્થિર થવાનું કાર્ય કરવું પડે છે.

એટલે જ શ્રદ્ધા સહજ છે, હૃદયના સ્વાભાવિક ધર્મ જેવી છે, છતાં તેને સ્લયંનો એક સભાન સક્રિય વ્યાપાર પણ બનાવવાનો છે. શ્રદ્ધા જાણે કે દોર જેવી છે, આપણને તે બુદ્ધિ કામ ન કરે ત્યાં પણ દોરી જાય છે. પણ આપણે તેને પકડી રાખવાની છે. એ દોરડાની પેઠે આપણને વીંટળાઇને બાંધી લેતી નથી અને બળાત્કારે ગતિ કરાવતી નથી. પણ આપણને મુકત રાખી મુકિતમાં લઇ જાય છે. ગુમાવેલી શ્રદ્ધાને આપણે પાછી મેળવીએ છીએ ત્યારે એ કેવો તો મોટો બનાવ બની જાય છે! આપણા અંતરતમ તત્વનો તે વિજય હોય છે અને એ જીતેલી શ્રદ્ધા આપણને અંતિમ વિજયમાં મૂકી આપે છે.

સત્યનિષ્ઠા અને શ્રદ્ધા એ પ્રજ્ઞા અને હૃદયના ધર્મો છે, અને એ ધર્મોને વ્યકત કરતો કરતો આત્મા, આપણામાંનો મુળ પુરુષ, આ પ્રજ્ઞા અને હૃદયનો સ્વામી, પોતાની વિકાસગતિમાં આગળ વધતો રહે છે.

બાલદક્ષિણા : ઓગષ્ટ, ૧૯૫૯



# સૂક્ષ્મઃ સ્થૂલ'

-સુન્દરમ્

નાના બાળકની ભાષામાં આ શબ્દો બહુ સહેલાઇથી આવતા નથી. તેમ જ મોટાં માણસોના સામાન્ય વ્યવહારમાં પણ આ શબ્દોને બહુ સ્થાન રહેતું નથી. પણ આપણે જયારે વસ્તુને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, વસ્તુના તત્વમાં પહોંચવા ઇચ્છીએ છીએ ત્યારે પ્રથમ આ શબ્દોનો ભેટો થયા વિના રહેતો નથી. આપણા આખા તત્વદર્શનની ઇમારત આ બે શબ્દોના પાયા ઉપર ઊભી છે એમ કહીએ તો ચાલે.

તો સૂક્ષ્મ એટલે શું અને સ્થૂલ એટલે શું?

આપણે શાળામાં સૂક્ષ્મદર્શક યંત્ર વપરાતું જોઇએ છીએ. એ યંત્ર નાની વસ્તુને અનેકગણી કરીને બતાવે છે. નરી આંખે ન દેખી શકાય તેવાં જંતુઓને મોટાં મોટાં કરીને બતાવે છે. તો સૂક્ષ્મ એટલે ઘણું ઝીણું, ઘણું નાનું, બારીક એવો એક અર્થ થયો. અને સ્થૂલ તે આનાથી ઊલટું, ઘણું મોટું, કદવાળું, નજરે પડે તેવું એવો અર્થ આપણે સમજીએ છીએ.

પણ આ શબ્દનો અર્થ આથી પણ હજી વિસ્તારવો પડશે. સૂક્ષ્મદર્શક

યંત્રની મદદથી આપણને જે જંતુ દેખાય છે તેને સૂક્ષ્મ કહેવું હોય તોપણ તે સ્થૂલ છે એમ કહેવું પડશે. એ ભલે ઘણું ઝીણું હોય, એનું કદ નાનુ હોય છતાં તે સ્થૂલ છે.

એટલે સ્થૂલ એ સૂક્ષ્મ તે માત્ર મોટા કે નાના કદની સાથે સંબંધ ધરાવતા શબ્દો નથી. પણ વસ્તુના બાહ્ય અને આંતરિક સ્વરૂપની સાથે સંબંધ ધરાવે છે. તો વસ્તુનું જે બાહ્ય રૂપ છે, નજરે પડે તેવું આપણી ઇન્દ્રિયોના, વિચારોના અનુભવમાં એક- દમ આવી જાય તેવું તે સ્થૂલ, અને જે બાહ્ય રૂપની ભીતર વ્યાપક રૂપે રહેલું છે તે સૂક્ષ્મ.

આમ, રેતીનો કણ અને મોટો પર્વત બંને સ્થૂલ કહેવાય, સોયની અણી ઘણી બારીક છે છતાં તે સ્થૂલ છે, પણ આપણો વિચાર આખા જગતને વ્યાપી લે તેટલો મહાન હોય તો પણ તે સૂક્ષ્મ છે.

આમ, સામાન્ય રીતે આપણે સૂક્ષ્મ અને સ્થૂલના આમ શાબ્દિક અર્થ જોયા. બાહ્ય જડતત્વની નજીકમાં આવતી વસ્તુ તે સ્થૂલ અને સ્થૂલને બાહ્યને ભેદીને અંદર જતી, વ્યાપક થતી વસ્તુ તે સૂક્ષ્મ આવી સમજ રાખીશું.

જો કે આજનું વિજ્ઞાન તો હવે આવી રીતે વિચાર કરવાની પણ ના પાડે છે, અને તે સાચું છે. તમે રેતીનો કણ લીધો, પણ એનું ખરું તત્વ શું, ધાતુનો અણુ લીધો, પણ એમાં કયું તત્વ છે, એમાં કેટલી અગાધ શકિત ભરી છે એ કંઇ એકદમ હાથ આવી જાય તેમ નથી. એટલે ખરું જોતાં તો એવી કોઇ વસ્તુ નથી કે જે નરી સ્થૂલ હોય. અને એ રીતે તો પછી સ્થૂલ અને સૂક્ષ્મનો બધો ભેદ ચાલ્યો જાય છે.

પણ વ્યવહારમાં આપણે જે સામાન્ય અવસ્થામાં છીએ એમાં આ ભેદ છે. આ સામાન્ય અવસ્થાને તે સપાટી ઉપરની અવસ્થા. આપણામાં જેમ જેમ ચેતના વધુ જાગૃત થતી જાય તેમ તેમ વસ્તુના ઊંડાણમાં તત્વમાં પહોંચતા



જઇએ છીએ. એ સૂક્ષ્મ ગતિ બને છે. એક અભણ માણસ ઘડિયાળના માત્ર ફરતા કાંટા જોશે અને ભણેલો માણસ એ કાંટા પરથી સમયનો ખ્યાલ મેળવશે. આ રીતે વસ્તુની બાહ્ય ગતિ- સ્થિતિને તે સ્થૂલતા અને તેની પાછળની ઊંડી ગતિ, એનો હેતુ, અર્થ વગેરેમાં પ્રવેશવું તે સૂક્ષ્મતા. આમ, તત્વવિચારમાં આપણું મન સ્થૂલની બાહ્યની અવસ્થાની ભીતરમાં સૂક્ષ્મમાં પહોંચવાને પ્રયત્ન કરે છે, અને એમાં આપણે સ્થૂલ અને સૂક્ષ્મનો વિચાર કરતાં શીખીએ એ તત્વચિારનું પહેલું પગથિયું બને છે.

આ બંને તત્વ વિચારના શબ્દો છે. એટલે તેમનું બાહ્ય સ્વરૂપ પણ આપણે સમજવા જેવું ને ધ્યાનમાં રાખવા જેવું છે. જુઓ કે બંને શબ્દોમાં દીર્ઘ 'ઊંકાર' છે, બંનેમાં જોડાક્ષર છે. દીર્ઘ 'ઊ'કાર તે વિચારની પણ લાંબી ગતિ બતાવે છે, બંનેમાં આવેલા જોડાક્ષરો 'સ્થૂ' અને 'ક્ષ્મ' એ પણ બળના સૂચક છે. 'સ્થૂ'માં 'થ'નો અવાજ છે તે થપ દઇને કાન ઉપર એકદમ આવી પડે છે, જયારે 'ક્ષ્મ'નો અવાજ 'સૂક્ષ્મ' જેવો બારીક છે, અને કાનમાં પેસતાં પેસતાં તે જાણે કયાંક ઊંડે અદ્રશ્ય થઇ જાય છે. આમ આ શબ્દોનો બાહ્ય ધ્વનિ પણ તેમના અર્થનો સૂચક બને છે.

આ રીતે, આ બંને શબ્દોને તેમના 'ઊ' બરાબર લંબાવીને બોલવા જોઇએ, તેમ જ તેમની જોડાણી પણ બરાબર યાદ રાખીને, તેમને હમેશા શુદ્ધ રીતે લખવા જોઇએ.

અમારા દાદા બહુ ભણેલા ન હતા. તે અમારી આગળ તત્વની વાત કરતાં 'સૂક્ષ્મ'નો ઉચ્ચાર 'સૂક્ષમ' એમ કરતા. ભાષાની આ ભૂલ કહેવાય, છતાં એ જે રીતે વાત કરતા તેમાં અમને સૂક્ષ્મતા દેખાતી જ હતી. પણ આપણે હવે બંને રીતની સૂક્ષ્મતા સિદ્ધ કરી શકીએ તેટલા આગળ વધેલા છીએ એમ કહીશું.

બાલદક્ષિણા
ફેબ્રુ. ૧૯૫૯

# 'ઊર્ધ્વઃ અધસ્'

-સુન્દરમ્

આપણે તત્વજ્ઞાનની અંદર, તત્વનો વિચાર કરવામાં જે જે શબ્દો મુખ્ય મુખ્ય વપરાય છે તેનો પરિચય મેળવવો છે. વિચાર માત્ર એ સૂક્ષ્મ ક્રિયા છે અને તેમાંયે તત્વનો વિચાર કરવો એ વધારે સૂક્ષ્મતા માગે છે. એટલે આ વપરાતી ભાષા પણ વિચારોની સૂક્ષ્મતાને રજૂ કરે છે. શબ્દને આપણે બરાબર પકડીએ તો તેના તત્વમાં, જે વસ્તુનો તે પ્રતિનિધિ છે તે વસ્તુમાં તે આપણને લઇ જાય છે.

આમાં એક ધ્યાન ખેંચે એવી વાત છે કે એક શબ્દ આપણી આગળ હાજર થાય છે ત્યારે તેનાથી ઉલટો, સામી દિશાનો શબ્દ પણ આવીને ઊભો રહે છે. અને એ બેની વચ્ચે વસ્તુના, તત્વના, કહો કે જગતના સામસામા બે છેડા સંધાઇ જતા લાગે છે. બે શબ્દો ચીપિયાનાં બે પાંખાં જેવા બની આખી વસ્તુને જાણે પકડી લે છે. જોકે એમ છતાં કંઇક તો બહાર રહી જતું લાગે છે. કંઇક શું, આખુંયે તત્વ બહાર રહી જતું લાગે છે. એટલે જ કહ્યું છે કે વાણી ત્યાંથી પાછી ફરે છે, ત્યાંથી એટલે પરમ મૂળ તત્વમાંથી પરમ સત્ય,



પરમાત્મા વાચાતીત છે. એટલે જ તત્વજ્ઞાનનો છેલ્લે શબ્દ તે 'નેતિ, નેતિ-'-'આવું નહિ, નહિં' એમ આવે છે. અને છતાંય આપણે શબ્દો તો વાપરીએ છીએ. કેમ કે શબ્દ એ પણ બ્રહ્મનું, પ્રભુનું જ સ્વરૂપ છે-શબ્દબ્રહ્મ. જેવા તેવા પણ તે આપણને બ્રહ્મ તરફ ધકેલી આપે છે, ભલે પછી તે મૂંગા થઇ જતા હોય.

તો 'સૂક્ષ્મ' અને 'સ્થૂલ'ના જેવું બીજાું શબ્દ-જોડકું તત્વ-વિચારમાં ઘણીવાર વપરાતું તે 'ઊર્ધ્વ' અને 'અધસ્'નું છે. આની સાથે 'આંતર-બાહ્ય'નું જોડકું પણ યાદ આવી જાય છે.

'ઊર્ધ્વ' શબ્દ માણસને કયારે સાંભળવા મળતો હશે? ઊર્ધ્વ ઊંચેનું, માત્ર ઉપરનું નહિ, વસ્તુઓથી ઘણે ઘણે ઊંચેનું. આપણી પાસે ઉપર-નીચે, ઊચ્ચ-નીચ એ શબ્દો છે, પણ તે નજીકના છે. 'ઉપર-નીચે' બાલ, સ્થૂલની વધુ નજીક છે, 'ઉચ્ચ-નીચ' એ માનસિક ગુણોની સ્થિતિ છે. ઊર્ધ્વ એ બાહ્ય તેમ જ માનસિકથી પણ કંઇક વિશેષ છે. સ્થૂલ સૃષ્ટિથી તે આપણને ઉપર લઇ જાય છે, તેમજ સપાટી પરના મનથી પણ ઉપર લઇ જાય છે. એ લગભગ અધ્યાત્મના ઉંબરે આપણને પહોંચાડે છે.

એટલે માણસ પણ જયારે જીવનમાં કયાંક સૂક્ષ્મ ઉચ્ચ અવસ્થામાં પહોંચે ત્યારે તેના શબ્દભંડોળમાં આ શબ્દ ઉમેરાય છે. શાક બજારમાં કે સટ્ટા બજારમાં, રેલવે સ્ટેશન કે રસોડામાં, ધોબી ઘાટે કે રાજ ઘાટે આ શબ્દને આપણે હરતો ફરતો જોઇ શકતા નથી. એ તો ગીતા વાંચવા બેસો અને તેય પંદરમા અધ્યાયે પહોંચો ત્યારે વિશ્વનું વર્ણન કરતાં ભગવાન તમને આ શબ્દ આપે-ઉર્ધ્વ મૂલમ્ અધશાશ્વમ્ અશ્વસ્થમ્ પ્રાહુર વ્યયમ્ । આ વિશ્વ તે એક વડલો છે-અશ્વત્થ છે, જેનાં મૂલ ઊર્ધ્વમાં-કયાંય ઊંચે ઊંચે છે તેની શાખાઓ નીચે નીચે છે-અધસ્‌માં છે. અથવા તો આખી માનવજાતિથી

નિરાશ થઇ જઇને વ્યાસ ભગવાન કકળી ઊઠે અને ઊંચા હાથ કરી પોકારે કે-ઉર્ધ્વવાહુર્વિરૌમ્યેષ ન ચ કશ્ચિચ્છ્ર-યોતિ મામ્ ।

'અધસ્' તે ઊર્ધ્વના સામા છેડાનો શબ્દ. બંને શબ્દમાં 'ધ' અક્ષર છે. 'ઊર' અને 'વ' અક્ષરો વચ્ચે પકડાયેલો 'ધ' ધરતીની કાયા જેવો આ ધરખમ અવાજવાળો અક્ષર 'ઊર'ની પાંખે ઊંચે ચડે છે. અને 'વ'ની મદદથી તે આકાશમાં વહેતા વાયુની અંદર સ્થિર બની જાય છે. જયારે 'અધસ્' તે ધબ દઇને જાણે નીચે પછડાય છે. સાદી ભૂમિકા પર ઊભેલો 'અ' એને પડવા પહેલાં જાણે ટેકો આપવાનું કામ કરતો હોય તેમ અડીને છોડી દે છે. એ 'અધસ્' માત્ર નીચે નથી, કરતાંયે તે ઊંડે, જયાં ન જવું જોઇએ. ત્યાં છે. એ છે અધઃપાત, અધોગતિ, અધોમતિ, અધઃસ્થિતિ.

બાલ દક્ષિણાઃ એપ્રિલ '૬૨

માર્ચની બાવીસમી તારીખે જન્મેલા આપણા સુન્દરમ્‌ને આપણે કેવી રીતે શ્રદ્ધાંજલિ આપીશું ! શબ્દોથી આપવા કરતા, ભાવનાના બે શબ્દો બોલવા કરતા એમણે પ્રકાશના વાવેતરના હાથ પર લીધેલા અધૂરાં કાર્યોને તથા એમણે શ્રી માતાજીને શ્રી અરવિંદ માટેના કાર્યો માટે સેવેલા સપના, ને એમની યોજનાઓ નો આપણે આખા ગુજરાતના સાધકો મળીને તે પૂર્ણ કરવાના ભગીરથ પ્રયાસ હાથ ધરતા રહીએ.



# ચિત્ઃ અચિત્

-સુન્દરમ્

આપણે હવે 'ચિત્-અચિત્'નું જોડકું લઇએ. આ શબ્દોના અર્થથી તો આપણે સુપરિચિત છીએ. પણ શબ્દોનું આ રૂપ આપણને બહુ પરિચિત નથી. 'ચિત', 'ચેતના' આમાંથી જ બનેલા શબ્દો છે. પ્રભુનું વર્ણન આપતા શબ્દ 'સચ્ચિદાનંદ'માં પણ આ 'ચિત', શબ્દ જ 'સત''ની સાથે જોડાયેલો છે.

'ચિત'નો સામાન્ય અર્થ આપણે ચેતનાવાળું-સભાન એમ કરીએ છીએ. અર્થાત ચિત્ એટલે ચૈતન્યનો ધર્મ ધારણ કરતું, જ્ઞાનવાન, સંવિદ્, ચિતિ એ ચેતના માટેના બીજા શબ્દો-પર્યાય છે. પરંતુ શ્રી અરવિંદે 'ચિત' શબ્દનો અર્થ વિસ્તાર્યો છે. અથવા કહો કે, એ ગૂઢ અર્થને પ્રગટ કીરી આપ્યો છે, એમણે ચિત્ એટલે કે જ્ઞાન તથા શકિત, એમ સમજાવ્યું છે. અને આ સ્પષ્ટતા બહુ મહત્વની છે. આપણા સામાન્ય વ્યવહારમાં આપણે જ્ઞાન અને શકિતને છૂટાં છૂટાં સમજીએ છીએ, માણસ જ્ઞાનવાળો દેખાય છે પણ બીજી રીતે ઘણો દુર્બળ હોય છે. એ રીતે પંડિતોની ઘણીવાર મશ્કરી થતી રહેલી છે. કહેવાય છે કે નેપોલિયન એની લડાઇઓ કરવા નીકળતો ત્યારે 'પંડિતો અને

ગધેડાઓને વચ્ચે રાખો.' એમ તેનો હુકમ રહેતો. કેમ કે એ બંને પોતાના બચાવ માટે એકસરખા લાચાર રહેતા. એટલે એકલું જ્ઞાન આપણને વાંઝિયું લાગે છે. 'એ તો જ્ઞાન મને ગમતું નથી.' એની માફક. પણ તો બીજી બાજુ Knowledqe is Power એ ઉકિત પણ જાણીતી છે. જ્ઞાન એ જ શકિત છે. અને તે પણ સાચું જ છે. આપણે જયાં જયાં પ્રગટ થતી જોઇએ છીએ ત્યાં તેની પાછળ જ્ઞાન હોય છે જ. અણુ બોમ્બ બની શકયો છેં તે વિજ્ઞાનીઓની જ્ઞાન શકિતને લીધે. પણ અમુક રીતે શકિતને આપણે જ્ઞાનથી છૂટી પડેલી પણ જોઇએ છીએ. વીજળીમાં કે વરાળમાં કાંઇ જ્ઞાન હોય એમ આપણે જોઇ શકતા નથી. પણ આ જ્ઞાન એટલે કે માણસને હોય છે. તેવું જ્ઞાન, સભાનતા-પોતાને વિષેની તેમ જ અન્ય વસ્તુ વિષેની. વીજળી, કુદરતની કોઇ પણ શકિત, આવી રીતે સભાન નથી. કેમ કે એનામાં માણસના જેવું મન નથી. મનમાં વિચાર કરવાની, વિવેક કવાની, સંકલ્પ કરવાની જે શકિત છે તે વીજળીમાં નથી. પોતાની રીતે તે પ્રેરી શકતી નથી તેમ જ રોકી પણ શકતી નથી. ઝાડ ઉપર કે બાળક ઉપર પડવું કે ન પડવું એમ તે વિચારી કે નક્કી કરી શકતી નથી. આમ, અહીં શકિતને આપણે જ્ઞાનથી છૂટી પડેલી જોઇએ છીએ.

પણ માણસ અને વીજળીથી આગળ જઇને જોઇએ તો ત્યાં જ્ઞાન અને શકિત સાથે રહેલાં હોય છે. માણસ પોતે વીજળી ઉત્પન્ન કરી શકે છે પણ તે પોતે વીજળી રૂપ નથી. પણ ઉપર ઊર્ધ્વ સત્‌ના પ્રદેશમાં જઇએ તો ત્યાં માણસમાં જે તત્વ રહલું છે અને વીજળીમાં જે તત્વ રહેલું છે તે એક જ હોય છે. અર્થાત્ આપણે એમ કહી શકીએ કે ત્યાં માણસ તે વીજળી છે અને વીજળી તે માણસ છે. પણ એ બંને શબ્દને પછી આપણે જુદી રીતે સમજવાના રહેશે.



શ્રી અરવિંદ આ જે મૂળ સ્થાનમાં જ્ઞાન અને શકિત એક રૂપે રહેલાં છે તેની રીતે આપણને ચિત્‌નો અર્થ આમ સમજાવે છે. અને 'અચિત્' તે આ ચિત્‌ની સ્થિતિથી ઊલટી વસ્તુ છે, એમાં નથી જ્ઞાન કે નથી શકિત, ચિત્‌નો સામેનો છેડો તે અચિત્. પણ આટલેથી આ શબ્દનો અર્થ સમજાય તેમ નથી. અને એક રીતે તો 'ચિત' કરતાંયે 'અચિત' શબ્દ સમજવો વધારે અઘરો છે.

શ્રી અરવિંદે 'અચિત્' એટલે unconscient-એ રીતે અર્થ સમજાવ્યો છે. અને આ inconscient તે તો કોઇ અદ્‌ભૂત ગહન વસ્તુ બની જાય છે. આપણે સામાન્ય રીતે ચેતના અને જડ એમ બે છેડા સમજીએ છીએ, પણ આ ચિત્ અને અચિત્ તે ચેતન અને જડથી વધુ ઊંચેની અને વધુ નીચેની વસ્તુ છે. જડ અને અચિત-matter અને inconscient એ બે એક નથી. આપણે બધી વસ્તુઓને જડતત્વમાંથી પ્રગટ થતી સમજીએ છીએ. પણ જડતત્વ કયાંથી આવ્યું? શ્રી અરવિંદ કહે છે 'અચિત્'માંથી જડતત્વની નીચે પણ એક બીજી અવસ્થા છે. જડતત્વ તો પદાર્થ રૂપે છે, એને આકાર છે, વજન છે, તેમ જ બીજા ધર્મો છે. જયારે 'અચિત્'માં તો આવો કોઇ આકાર વગેરે કાંઇ જ નથી. એમ કહો કે, ત્યાં શૂન્ય છે, જેમાં કાંઇ છે નહિ તેવી અવસ્થા. અને એ 'શૂન્ય'માંથી પછી જડતત્વ પ્રગટ થયું! 'શૂન્ય'માંથી વસ્તુઓ આવી? અને તો વળી આ 'શૂન્ય'-'અચિત્' કયાંથી આવ્યું?

માણસના મનને ગંભીર રીતે મૂંઝવી નાખે એવા આ સવાલો છે. અને એનો જે જવાબ છે એ તો તેથી પણ વધારે મૂંઝવે તેવો છે. શ્રી અરવિંદ કહે છે, આ 'અચિત્'માંથી આવ્યું છે! આનો અર્થ શો? શું 'ચિત્' અચિત્ થઇ શકે? જે ચિત્ છે, સાચું ચિત્-પણું કદી પણ ગુમાવી શકે ખરું? જ્ઞાન પોતે શું જ્ઞાન મટી અજ્ઞાન બની શકે છે? શ્રી અરવિંદ કહે છે, હા. જે પૂર્ણ જ્ઞાન છે તેનામાં હરેક રીતનું જ્ઞાન છે, અને એ જ્ઞાનમાં 'અજ્ઞાન' બની શકવાનું જ્ઞાન પણ હોય છે!

એવી જ રીતે જે 'ચિત્' શક્તિ છે તેનામાં 'અચિત્' બનવાનો પણ શકિત છે. એ પોતાનું 'ચિત્ત્વ' એવી રીતે ગોઠવી શકે છે, એમાં એવી વધઘટ કરી શકે છે કે જેમાં પોતાનું 'ચિત્ત્વ' કશું જ રહેલું ન હોય. અને એવું પૂર્ણ 'અચિત્' પણ છેવટે તો 'ચિત્' છે જ. કેમકે એને અચિતે જ સર્જેલું છે, અને દરેક સર્જાયેલી વસ્તુમાં તેનો સર્જનહાર હોય છે જ. ગીતમાં તેનો ગાનાર હોય છે, ઘડામાં કુંભાર હોય છે. તે મુજબ 'અચિત્'માં પણ 'ચિત્' હોય જ છે. પણ તે અચિત્ બની ગયેલું.

લાકડીના આપણે બે છેડા જોઈએ છીએ, પણ એક છેડાને પકડી રાખી બીજો છેડો કયાંથી થયો એમ શોધવા જઈશું તો જણાશે કે જે છેડો આપણે પકડયો છે ત્યાંથી જ તે સામેનો છેડો શરૂ થાય છે.

આમ ચિત્-અચિત્ના બે સામસામેના છેડા છે કે, જે જુદા જુદા છે. અને છતાં એક છે. માણસની ભાષામાં વાત કરીએ ત્યારે આમ ઊલટાસૂલટી રીતે બોલવું પડે છે.

બાલ દક્ષિણાઃ નવે. '૬૨

એક બિંદુ હું -
તો ય સિંધુ હું,
આ નાનકડા પગથી વિચરું -
તો ય અખિલ ધરતી જે તે હું.
આ આંખો પાંપણ પલકંતી,
ખુલે ખુલે ને હરદમ ઢળતી,
અલ્પ તો ય એ અખિલ વ્યોમ આલિંગન કરતી.
**એક બિંદુ હું.**
**-સુન્દરમ્**



# સત્ઃ અસત્

-સુન્દરમ્

આપણે અત્યાર સુધીમાં ચાર શબ્દ-જોડકાં જોયાંઃ સૂક્ષ્મ-સ્થૂલ, ઊર્ધ્વ-અધસ્, આંતર-બાહ્ય, ચિત્-અચિત્. હવે પાંચમું જોડકું સત્-અસતનું લઈશું.

આપણે જોયું કે, આ બધા શબ્દો વિશેષણો છે. અર્થાત તે કોઈ વસ્તુનું સ્વરૂપ વર્ણવી આપે છે. અમુક વસ્તુ સ્થૂલ બાહ્ય છે. યા તો સૂક્ષ્મ છે, ઊર્ધ્વ છે યા તો અધસ્ છે, આંતર છે કે બાહ્ય છે, ચિત્ કે અચિત્ છે. પણ આ વસ્તુ તે કઈ? જગત તો અનેક અનેક વસ્તુઓથી ભરેલું છે. એ દરેકનું વર્ણન આમાંથી કોઈ એક રીતે આપી શકાય. પણ તત્વજ્ઞન તે આ અગણિત વસ્તુઓની ગણના કરવા માંગતું નથી. વિજ્ઞાન-ભૌતિક વિદ્યા આવું ગણતરીનું કામ કરે છે. જો કે છેવટે તો તે થાકીને થંભી જાય છે. જગતની વસ્તુઓનો તે કંઈ ગણ્યે પાર આવે તેમ છે? તારાઓ ગણવા માંડયા તો તે કરોડો કરોડો નીકળ્યા. અને નવાં નવાં પ્રચંડ દૂરબીનો બનતાં જશે તેમ હજી વધુ ને વધુ તારા ગણવાના મળશે. એટલે માણસનું મન એક બાજુએ આમ ગણતરી કરતું રહે છે તો

બીજી બાજુએ ગણવાનું મૂકી બધી વસ્તુઓના કોઇ મૂળ તત્વમાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. અને એ જાણવાનો પ્રયત્ન કરતાં કરતાં તે આવા એક મૂળ તત્વ ઉપર પહોંચ્યું છે. અને એનું વર્ણન તેણે સત્ એ રીતે આપ્યું છે.

જગતમાં જે જે વસ્તુઓ છે તે કોઇ બીજી વસ્તુમાંથી આવેલી છે. દરેક વસ્તુને માટે આપણી પાસે કંઇ ને કંઇ નામ છે, પણ જયારે આપણે બધી જ વસ્તુઓનું જે મૂળ તત્વ છે તેની પાસે પહોંચીએ છીએ ત્યારે તેને માટે કોઇ નામ હોઇ શકતું નથી. કોઇ બે વસ્તુઓનો ભેદ કરવો હોય છે ત્યારે આપણે વસ્તુને નામ આપીએ છીએ. પણ જયાં જ વસ્તુઓ અલગ મટી જાય છે અને પોતાના એક જ મૂળ સ્વરૂપે બની રહે છે ત્યારે પછી એ મૂળ સ્વરૂપને માટે કોઇ નામ રહી નશિ. એટલે એનું વર્ણન આપવું હોય તો પછી તે ‘છે’ એમ જ કહેવું પડે. તો સત્ એટલે કે આ આપણું ‘છે’, હસ્તીમાં રહેલું એવું મુળ તત્વ તે સત્ ‘ઘાટ ઘડયા પછી નામ રૂપ જૂજવાં અંતે તો હેમનું હેમ હોયે.’ એમાં જે ‘હેમનું હેમ’ કહ્યું છે, બધા અલંકારોની અંદરનું પાછળનું જે મૂળ સોનું તે આ ‘સત્’ છે.

પણ તો આ ‘સત્’ કેવું હશે? આપણું મન તો વસ્તુઓને આધારે વિચાર કરે છે, પણ જયાં વસ્તુ માત્રને હઠાવી લેવામાં આવે છે ત્યારે પછી તે કઇ રીતે કયા આધારે વિચાર કરશે? બધી વસ્તુઓ હઠી જાય તો પછી તે સર્વની પાછળ રહેલી મુળ વસ્તુ તત્ સત્ આપણે કેવી રીતે જોઇ શકીએ, જાણી શકીએ અનુભવી શકીએ? એ કેવી હશે, શું હશે? પદાર્થ માત્રનું મૂળ તત્વ તો બહુ ગજબનું હોવું જોઇએ, અદ્‌ભૂત હોવું જોઇએ, આખા વિશ્વને તે પોતામાં લઇ શકે એવું કોઇ અપરંપાર તત્વ હોવું જોઇએ. આપણે આપણા નાના સરખા મન વડે સમજી કે જાણી શકીએ ખરા એ પ્રશ્ન પણ થઇ શકે. અને તેનો જવાબ એ આવે છે કે, ના, આ મૂળ તત્વને પૂર્ણ રીતે મન વડે, ઇન્દ્રિયો દ્વારા, આંખ



કાન આદિ વડે જોઇ જાણી કે સમજી શકાય તેમ નથી. પણ આપણામાં મનથી પર એવી એક બોધ પામવાની શકિત છે તે વડે તે સમજી શકાય છે.

અને એમાં પછી એ સ્થિતિ આપણને સમજાય છે કે જગતમાં જે અનેક વસ્તુઓ રહેલી છે એમાં આપણે પોતે પણ એક છીએ. અને દરેક વસ્તુની પાછળ પેલુ મુળ સત્ રહેલું છે તેવી રીતે આપણી અંદર પણ એ મુળ સત્- વિશ્વવ્યાપક તેમ જ વિશ્વથી પર એવું વિશ્વાતીત સત્ આવી રહેલું છે. એટલે એ સત્‌નો અનુભવ આપણને સૌથી વધુ અસરકારક રીતે, આપણી પ્રત્યક્ષ રીતે પોતાની અંદર જ થઇ શકે છે, અને અનુભવ યોગ દ્વારા મળી શકે છે. આપણા મનની ગતિઓને સ્થિર કરી, ઇન્દ્રિયોના પ્રવાહોને આપણી અંદર વાળી, આપણી પોતાની અંદર જેમ જેમ અંતઃસ્થ થતા જઇએ છીએ, એકાગ્રથતા જઇએ છીએ તેમ તેમ આજે કંઇક ‘છે’ તેની અનુભૂતિમાં આપણે પહોંચીએ છીએ. એ અનુભૂતિ પછી આપણા શરીરની હોતી નથી, લાગણીઓની, સંવેદનોની, વિચારોની કે સંકલ્પોની નથી હોતી, પણ આ બધાથી મુકત એવી એક સ્વતંત્ર ‘હોવાપણા’ની ‘આપણે છીએ’ એવી એક અનુભૂતિ આપણને થાય છે. આ છે ‘શુદ્ધ સત્’

આ જ સત્‌ના અનુભવને આધારે પછી આપણે આગળ વધીએ છીએ, અને જોઇએ છીએ કે આ જે આપણામાંનું સત્ છે તે બીજાઓમાંનું પણ સત્ છે. પદાર્થ માત્રમાંનુ સત્ છે. અને એ સત્ પછી એક વિશ્વવ્યાપક સત્- સત્ બ્રહ્મ બની રહે છે. અને તે અનંત બ્રહ્મ હોય છે.

અને આ મૂળ અનંત સત્ બ્રહ્મ એ જ પછી ક્રમે ક્રમે ‘અસત્ બન્યું’ મુળના એકમાત્ર તત્વમાંથી એ તત્વે પોતાની અંદર જુદી જુદી રીતે એકાગ્રતા કરતાં, પોતાનામાંથી વિવિધ તત્વો ઉત્પન્ન કર્યા, ઉત્પન્ન થવા દીધાં. એ દરેક નવા તત્વમાં પેલું મુળ તત્વ તો રહ્યું જ, પણ એ જુદાં જુદા તત્વોમાં એવી તો

વિવિધતા આવવા લાગી કે કોઇ બે તત્વ એકબીજાને મળતાં રહ્યાં નહિ. અને એ મળતાં નહિ રહ્યાં એટલું જ નહિ, પણ મેળમાં પણ રહ્યાં નહિ, એકબીજાનો વિરોધ કરતાં પણ બન્યાં, ઉચ્છેદ કરતાં પણ બન્યાં, અને એમાં પછી પેલા મુળ સત્‌ની તો કયાંય વાત જ રહી નહિ. આ થયું ‘અસત્‌’ મુળમાં જે સભરાભર ‘સત્‌’ હતું તેને બદલે હવે જાણે કયાંય કશું પણ રહેવા પામ્યું નહિ. નર્યો અભાવ, શૂન્ય, મોટું મીડું- એવી અવસ્થા થઇ રહી.

જગતમાં આપણે વસ્તુઓનો અભાવ જોઇએ છીએ, ખિસ્સામાં પૈસા નથી, ઘરમાં હવા નથી, બતીમાં પ્રકાશ નથી, મગજમાં બુદ્ધિ નથી, બાપામાં પ્રેમ નથી એમ બધું અનુભવી શકાય છે. પણ આ વસ્તુઓ એક ઠેકાણે નથી હોતી તો બીજે ઠેકાણે તો હોય જ છે, અને તેનું અસ્તિત્વ આપણે કલ્પી શકીએ છીએ. પણ વસ્તુ માત્રનો અભાવ હોવો એ કલ્પવું આપણા માટે મુશ્કેલ છે. જેવી રીતે કેવલ ‘સત્‌’ની કલ્પના કરવી મન માટે મુશ્કેલ છે, વસ્તુઓને મૂકી દઇને નર્યા સત્‌ તત્વમાં પહોંચવું મુશ્કેલ લાગે છે, તેવી રીતે સર્વ વસ્તુઓના અભાવવાળી નરી અસત્‌ની અવસ્થાની કલ્પના કરવી કે તેમાં પહોંચવું પણ મુશ્કેલ છે. પણ આ અસત્‌ને પણ બરાબર સમજવાનું છે. કેમ કે એ સત્‌નો બીજો છેડો છે, ચિત્‌નો અચિત્‌ છે તેમ, અને એ બેય છેડા ખ્યાલમાં આવે ત્યારે જ તત્વની પુરી પ્રાપ્તી થાય છે.

શ્વસોમાં મારા સર્વે શ્વસન મહીં હા શ્વાસ થઈને,
સ્ફુરો મારાં સર્વે મનન મહીં હા ચિત્ત થઈને,
વસો મારાં સર્વે કરણ મહીં હા કર્મ થઈને,
લસો મારાં સર્વે સ્ફૂરણા મહીં કો મર્મ થઈને



# પરાત્પર

-સુન્દરમ્‌

: અજ્ઞાત- અજ્ઞેય, અપ્રગટ, અવ્યકત, અનાવિર્ભૂત, અમૂર્ત, વિશ્વપર, વિશ્વાતીતઃ

: અગ્રાહ્ય, અસ્પર્શ્ય, અદ્રશ્ય, અગમ્ય, અકલિત, નિરંજન, નિરાકાર, નિર્ગુણ, ગુણાતીતઃ

આપણે પાંચ જોડકાં, કહો કે દ્વંદ્વોની દુનિયા જોઇ. સૂક્ષ્મ-સ્થૂલ, ઉર્ધ્વ- અધસ્‌, આંતર- બાહ્ય, ચિત્‌-અચિત્‌, સત્‌-અસત્‌.

આ બધામાંથી આ બધાનું આ પ્રગટ વિશ્વ બનેલું છે. પણ એ વિશ્વમાં આપણે ઉતરીએ એ પહેલાં આ વિશ્વથી ઉપર થોડો પ્રવાસ કરી લઇએ. વિશ્વથી ઉપર એટલે? જે ‘છે’ તેનાથી ઉપર વળી શું બીજું કાંઇ હોઇ શકે? એ જો કાંઇ હોય તો તે પણ ‘છે’ જ કહેવાય ને?

હા, કેવળ મનની રીતે વિચાર કરીએ તો એમ જ કહેવું પડે. પણ અનુભૂતિની રીતે આગળ વધીએ તો કાંઇક જાુદું પણ દેખાય, સમજાય. એટલે જ તત્વજ્ઞાનની પદ્ધતિ સત્યને અમુક હદ સુધી સમજાવે છે, એથી આગળની વસ્તુ સમજવા માટે અનુભૂતિના પ્રદેશમાં દાખલ થવાનું રહે છે. એટલે કે પરમ સત્ય સમજવા માટે

આપણે પછી એ સત્યનું કોઇ દુરબીનથી અવલોકન કરતા હોઇએ એમ નહિ, પણ એ સત્યની અંદર દાખલ થતા હોઇએ એમ કરવાનું રહે છે. આથી આગળ જઇને એમ કહીએ કે, એ સત્યમાં પ્રવેશ કરી એ સત્ય રૂપે જ બની જવાનું રહે છે. દા.ત., સૂર્યની ગરમીનો ખરેખરો ખ્યાલ મેળવવો હોય તો આપણે જો સૂર્યમાં કોઇ રીતે દાખલ થઇએ, એના જલતા પદાર્થ રૂપ બની જઇ જલવા લાગીએ તો તે જરૂર મળે. ભલે પછી તેની વાત કરવા માટે આપણી પાસે કોઇ મન કે વાણી ન રહેતી હોય.

આમ આ બધું જે 'છે' - આ જે સત્ રૂપ વ્યકત સૃષ્ટિ છે તેની ઉપર પણ કંઇક તો છે જ. પણ તે શું છે? એ જે કાંઇ છે તેને સમજવાને માટે આપણી પાસે કાંઇ જ સાધન નથી. પણ છતાં એ એક સક્રિય અને વિદ્યમાન એવું તત્વ છે. એની સાથે અમુક જોડાણ થઇ શકે છે. અને આપણે બધા વ્યવહારમાં તેની ક્રિયા જોડી શકાય છે.

આ જે વિશ્વથી પર તત્વ છે, એ જ જગતનું આદિ તત્વ છે. આમ તેને ગીતાએ વર્ણવ્યું છે. અર્થાત આ જે વ્યકત બનેલું જગત છે તે એક અવ્યકત રહેલા તત્વે પોતાનું પ્રગટ કરેલું રૂપ છે. આ જગત જે રીતે મૂર્ત થયું તે પહેલાં તત્વ રૂપે એક અમૃત અવસ્થામાં હતું. આ આવિર્ભાવ પામેલી સૃષ્ટિ પહેલાં અનાવિર્ભાવની સ્થિતિમાં હતી. પણ તે કેવી સ્થિતિમાં હતી તે આપણને મન દ્વારા જાણી શકાય તેમ નથી. એટલે તેને અજ્ઞેય તરીકે વર્ણવામાં આવે છે. આ પ્રગટ થયેલા જગતથી તે ઉપર છે એટલે તેને પરાત્પર, વિશ્વની તે ઉપર છે એટલે તેને વિશ્વાતીત કહેવામાં આવે છે.

આમ આ પરમ અજ્ઞેય અનાવિર્ભૂત વ્યકત અમૂર્ત વિશ્વાતીત પરાત્પર તત્વ એ આ વ્યકત બનેલા જગતની મુળ ભૂમિકા છે.

શ્રી અરવિંદે આ પરાત્પરની વાત અનેકવાર કરેલી છે.

'મનના મૌનમાં પેલું પરાત્પર પ્રવર્તતું
પોઢયું શાંત સુણે હૈયું અનુદ્ગારિત શબ્દ તે.'



શબ્દ આપણે મોંએથી બોલીએ તે પહેલાં અંદર તૈયાર થઇ ગયો હોયછે, એ રીતે આ સૃષ્ટિ વ્યકત બની તે પહેલાં તે ઊર્ધ્વમાં વિશ્વથી પર અવ્યકતરૂપે, પરસ્પરની અંદર હતી. એ પરાત્પરે સક્રિય બની પોતાનામાંથી સૃષ્ટિને સાકાર કરી. અને એ સાકાર બનેલી સૃષ્ટિમાં તે સતત નીચે અવતરતું રહ્યું, અવતરતું રહે છે, જગત ઉપર તે સતત કામ કરતું રહે છે. આપણો વ્યવહાર મોટે ભાગે પ્રગટ વસ્તુઓને આધારે થતો રહે છે, પાકેલું અન્ન આપણે જમીએ છીએ, તૈયાર થયેલું જ્ઞાન આપણે ભણીએ છીએ, પણ એ અન્ન અને જ્ઞાન પણ એક સમયે તો અજ્ઞાન અમૂર્ત પરાત્પર પાસેથી જ આવ્યાં છે. અન્ન દાણા રૂપે બન્યું તે પહેલાં તે મિટ્ટી રૂપે, વાયુ, પ્રકાશ રૂપે હતું. વિચાર રૂપ જ્ઞાન પહેલાં ચિત્ રૂપે હતું. એમ જ આ સકાર સૃષ્ટિની પાછળ પેલી નિરાકાર પરાત્પરતા આવી રહેલી છે અને સતત નીચે ઊતરી રહેલી છે.

એટલે શ્રી અરવિંદ કહે છે કે આ પરાતત્વનું અનુસંધાન થાય ત્યારે જ આ વિશ્વની સારીયે સ્થિતિ આપણે પ્રાપ્ત કરી શકીએ. સમજી શકીએ. આપણે પોતે વ્યકત છીએ, આપણી આસપાસના આ અખિલ વિશ્વ છે, અને એથી પર પેલું પરાત્પર છે એ ત્રણ મળીને અખિલ સત્ય બને છે. એટલે એ પરાત્પરની સાથેનું અનુસંધાન કરવું એ યોગમાં પ્રથમ કર્તવ્ય બને છે, એને મનથી તો જાણી- પામી શકાય તેમ નથી. એટલે શ્રી અરવિંદ કહે છે તેમ તેમ મૂક- શાંત કરી દેવાનું છે. in-mind's silence અને તરત ત્યાં આ પરાત્પર મહાતત્વ કામ કરવા લાગે છે. મનની નીરવતામાં આ પરાત્પર સાથે જાગૃત યોગ રચાય છે, તેની ક્રિયા થતી અનુભવાય છે અને આપણે એ પરાત્પર અવ્યકતનો આપણી અંદર આવિર્ભાવ અનુભવીએ છીએ.

બાલદક્ષિણાઃ એપ્રિલ-૬૩

અહીં આવો ઓ સૌ નિજ નિજ તણાં ભીતર લઈ
તમારે અર્થે હયાં અમૃતમયી તે છે અવતરી.
- **સુન્દરમ્**

# અતિમનસ

-સુન્દરમ્

'અતિમનસ' : પ્રભુને માટેનું આ નવું નામ છે. શ્રી અરવિંદને એ એમની યોગસાધનામાં પ્રભુ તરફથી મળેલું નામ છે. આ માટે આ નામ મળ્યું હશે? અત્યાર સુધીનાં પ્રભુનાં જે હજારો નામો છે તે કરતાં કંઇક વિશેષ વાત કહેવા માટે જ તે હશે ને?

વિશ્વનું આ જે પરમ તત્વ, અંતિમ અને આદિમ તત્વ છે, એને ઓળખવા માટે, એને અંગે વિચાર કરવા માટે, વાત કરવા માટે માણસે ઘણા શબ્દો વાપર્યા છે. વિષ્ણુ, શિવ, શકિત વગેરેનાં સહસ્ત્ર નામો તો આપણે જાણીએ છીએ. એ બધાં નામો આ નામે ઓળખાતી દિવ્ય સતાનાં વિવિધ સ્વરૂપે અને કાર્યો અને ગુણો જણાવતાં હોય છે. ઈશ્વર પ્રભુ, ભગવાન, વિષ્ણુ, શિવ, બ્રહ્મા, રામ, કૃષ્ણ, આદિ શબ્દો પણ મૂળે અમુક અર્થ ધારણ કરતા હોય છે. એ પરમ તત્ની વ્યાપકતા, એની મંગલતા, એની બૃહતા, આનંદદાયકતા, આકર્ષણશકિત, સામર્થ્ય એ બધું આ શબ્દો બનાવતા હોય છે, અને એમાંયે પ્રભુના શકિત સ્વરૂપને બતાવતા શબ્દો 'ઇશ્વર' 'પ્રભુ' વધારે કામમાં લેવાતા રહ્યા છે. વળી આ શબ્દો



ઉપરની દિશામાંથી ગતિ કરતા હોય છે અને જગતને અમુક રીતે જ સ્પર્શતા રહે છે, તેમ જ ઘણીવાર જગતથી તદ્દન અલગ પણ રહી જતા હોય છે. 'ઇશ્વર' 'પ્રભુ' એટલે કે સર્વના ઉપર શાસન કરનાર, સર્વ પર પોતાનો પ્રભાવ ઢાળનાર તત્વ. નાથ, સ્વામી, વગેરે શબ્દ તો સ્પષ્ટ રીતે સામર્થ્યતા જ વાચક છે.

શ્રી અરવિંદે આપેલો 'અતિમનસ' શબ્દ આ કરતાં કાંઇ જુદી રીતનો અર્થ લઇ આવે છે. એ જગતને અને પરમ તત્વને- માનવ અને પ્રભુને એક નવી જ રીતે અને સઘન રીતે સાંકળી આપે છે. પ્રભુને આપણે માનવ જીવન સાથે વધારે નિકટ આવે જોડતાં તેને પિતા માતા સખા બંધુ તરીકે પણ ઓળખાવીએ છીએ. પણ આ બધામાં પ્રભુ માણસની કક્ષાનું તત્વ બની જાય છે. પ્રભુનું મૂળ અંતિમ સ્વરૂપ આમાં સ્પષ્ટ થતું નથી.

શ્રી અરવિદંને મળેલો 'અતિમનસ' Supermind શબ્દ મનસ- મનવાળા મનુષ્યથી માંડી, મન કે જે ચેતનાનું એક ખાસ રૂપ છે, તે ચેતનાની અંતિમ અવસ્થા સુધીની કડીને, એ બેની વચ્ચેની આખી સાંકળને બતાવી આપે છે. એ શબ્દ પ્રભુના કોઇ એક ખાસ સ્વરૂપનું, ખાસ ગુણનું કે અંગતનું વર્ણન આપતો નથી. પણ પ્રભુના પૂર્ણરૂપને સર્વ રીતે બતાવી આપે છે. આ અહીં પૃથ્વી પર ચેતનાનું ઊંચામાં ઊંચું પ્રગટ રૂપ મન છે, આપણી ઊંચામાં ઊંચી સાધના, સિદ્ધિ, ધર્મ, તત્વજ્ઞાન, એ મનની જ ગતિઓ છે. અને વિશ્વના પરમ તત્વને પામવા માટે આ મનથી પર જવાનું છે, મન ત્યાં જઇ શકતું નથી, માટે એને મૂકીને ચેતનાની અન્ય ગતિ અપનાવવાની છે. આમ મનથી અતિક્રમણ સાધવા માટે 'અતિ' શબ્દ 'મનસ'ની આગળ શ્રી અરવિંદે મુકી આપ્યોઃ પણ સાથે સાથે શ્રી અરવિંદે આપણને એ વાત જણાવી કે મનથી ઉપરનું જે કાંઇ તે બધું 'અતિમનસ' નથી, મનથી ઉપર જતાં જતાં જે છેવટના તત્વમાં પહોંચો તે 'અતિમાનસ' છે. મનથી ઉપર ચેતનાના ઘણા આકારો, પ્રદેશો બંધાયેલા છે, એ બધા અતિમનસ નથી. 'અતિમનસ' એટલે ચેતનાનો, અહીં નીચે મનમાંથી જોતાં, અંતિમ આકાર,

અંતિમ પ્રગટ સ્વરૂપ, અને ઉપરથી, પરમ તત્વની સ્થિતિમાંથી જોતાં, પ્રથમ પ્રગટ સ્વરૂપ.

આ જ્ઞાનમય આલોકની રીતે પ્રભુને શ્રી અરવિંદ ઓળખાવે છે. પ્રભુનાં શકિત, આનંદ, કરુણા, પ્રેમ, આદિ પાસાંની વાત ન કરતાં પરમ તત્વની જે મૂળ સાકાર સ્થિતિ છે અને ક્રિયા છે એના ઉપર શ્રી અરવિંદ આપણા ચિતને સ્થિર કરી આપે છે.

એટલે વિશ્વરૂપી કોયડો પ્રભુની ચાવી દ્વારા ઉકેલી શકે, એનો અર્થ એ કે અતિમનની દ્વારા ઉકેલી શકે. માણસ પાસે, વિશ્વનાં, પરમ તત્વનાં જુદાં જુદાં રૂપો પ્રત્યક્ષ થયેલાં છે, માણસે પ્રભુને પણ પ્રત્યક્ષ અનુભવ્યા છે, અને છતાં જગતનો- જીવનનો, વિશ્વનો પ્રશ્ન અણઉકેલ્યો રહ્યો છે. માણસને પ્રભુનો સાક્ષાત્કાર થયો છતાં જગતનો પ્રશ્ન નથી ઊકેલ્યો? હા, શ્રી અરવિંદ તો કહે છે કે માણસે જેને 'પ્રભુ' તરીકે ઓળખ્યા છે, એ પણ મૂળ પ્રભુ નથી! વેદ પુરાણ ગીતાદિમાં વર્ણવેલા પ્રભુથી પણ મૂળ પ્રભુ હજી ઉપર રહેલા છે! એ 'અતિમનસ'નો સાક્ષાત્કાર થાય, ત્યારે વિશ્વના કોયડાની ચાવી હાથ આવે. અને શ્રી અરવિંદે આગળ પણ થોડું ઉમેર્યુ- એ અતિમનસમાં માનવીની ચેતના પહોંચે એટલું જ બસ નથી, માનવની ચેતનામાં, આ પાર્થિવ જગતમાં અતિમનસ ચેતના નીચે પણ આવી ઊતરવી જોઇએ, અહીં સ્થાપિત થઇ જવી જોઇએ. માનવ ચેતના, માનવ જીવન, અતિમાનસ રૂપે બની જવાં જોઇએ. આ થશે તે પછી વિશ્વ કોયડા રૂપે રહેશે નહિ. પણ ઊકલી ગયેલા કોયડાની પછીથી જે આનંદમય પૂર્ણ સાક્ષાત્કારની અવસ્થા હોય છે તે રૂપે જીવન અને જગત બની રહેશે. એમાં પછી નગરના દુર્ગનું મહાદ્વાર ખૂલી ગયા પછી આખા નગરમાં આપણે હરી ફરી શકીએ છીએ તેમ હવે અતિમાનસના નગરમાં માનવ ચેતના વિહરતી થશે, અને એ પરમ ચેતનામાંથી આવતી અઢળક અકલ્પ્ય સમૃદ્ધિથી છલાછલ એવું માનવ- જીવન અહીં બની રહેશે.



# મા



## તું હ્દયે વસનારી

- સુન્દરમ્

તું હ્દયે વસનારી, ઘટ ઘટ ભીતર નરતન હારી
તું અંતરના તાર પરસતી અંગુલિકો રઢિયાળી
તુ તિમિરોનાં ધણ વાળી લૈ, કરત સદા રખવાળી
તું માનસ અમ મુકુલિત કરતી ઉજજવળ કો દ્યુતિ અરુણા
તું જીવનના વ્રણ પર વરસત કોઇ અમીમય કરુણા
તું જીવનની જન્મ ક્ષણોની ધાત્રી પ્રાણ પ્રદીપા
તું કદમે કદમે પ્રજવળતી અગ્નિજયોત સજીવા
તું નયનો પર પડદા ઢાળી અન્ય નયન દેનારી
તું જગમાં જગ પાર અનંતે અમ સંગે ઘૂમનારી
તું આનંદ અર્નગળ પ્રભુનો, તું પ્રભુની પરશકિત
તું સત સૌ ધારણહારી, તું અંતિમ અમ મુકિત
તું અમ ચરણોની ગતિ, તું અમ નેત્ર તણી ધ્રુવ તારા
તવ હ્દયે અમ વાસ સદા હો, હે હરિની રસધારા

-સુન્દરમ્

કોઇ સુભાગી પળે આ ગીત શ્રી સુન્દરમ્ દ્વારા લખાઇ ગયું છે. શ્રી અરવિંદ જેને પ્રભુની પળ કહે છે તેવી કોઇ પળોમાં એમના દ્વારા આ ગીત લખવાની પ્રેરણા થઇ આવી હશે. એકવાર હું શ્રી સુન્દરમ્ સાથે મુસાફરી કરી રહ્યો હતો ત્યારે મેં એમને આ ગીત વિશે પ્રશ્ન કરેલો ત્યારે એમણે મને આ ગીત વિશે ખૂબ સુંદર વાત કહેલી તે હજુ મને યાદ છે. એમણે મને કહેલું, 'ભુપેન્દ્ર, આ ગીત મે કાંઇ લખ્યું નથી. આ ગીત લખાયું નથી, એ મને સ્ફૂર્યુ નથી. પણ એ મારી અંદર અવતર્યું છે.' આહા, કેવી સુંદર વાત- કવિની અંદર આવું ગીત જન્મ લે, એ આખે આખું અવતરણ કરે એ તો અલૌકિક ઘટના જ કહેવાય ને! એ જયારે ગવાતું હોય છે ત્યારે એ અનેકવાર ગવાતું હોવા છતાં એને ફરી ફરીને સાંભળવું ગમે છે. ને સાંભળતા સાંભળતા આપણી ચેતનાને તે ઊર્ધ્વ પ્રતિ ખેંચી જાય છે. ધ્યાનસ્થ થઇ જવાય છે. એટલે એનો અર્થ એ થયો કે આ કોઇ માત્ર ગીત નથી કે એ કવિના મનનું કોઇ સર્જન નથી. પણ મા ભગવતીનો જાણે એમાં સંસ્પર્શ રણઝણ્યા કરે છે. મા જગદંબાની એમાં આરાધના છે. આ ગીત માતાજીની સ્તુતિરૂપે ગવાય છે ને એ ગવાય છે ત્યારે દરેક સાધકને દિવ્ય ભાવમાં ખેંચી જાય છે.

તું હ્રદયે વસનારી, ઘટઘટ ભીતર નર્તન હારી.

કવિ માતાજીને સીધું જ સંબોધીને કહે છે, હે મા, તું જનજનના હ્રદયમાં વસનારી છો ને તારા પ્રત્યેક બાળકની અંદર તારું નર્તન થયા કરતું હોય છે, એનો અર્થ એ કે મા સ્વયં આપણી અંદર એના દિવ્ય યોગની ગૂંથણી કરે છે, માંડણી કરે છે, કાર્યો કરે છે, સંવેદનો રચે છે, ને દિવ્ય ભાવ પ્રતિ ખેંચી રાખે છે ને પછી જાણે જીવન સમગ્રને એના પરમાનંદમાં વહેવડાવી દે છે. આ બધું એક નર્તનભાવે આપણી અંદર તે કર્યા કરતી અનુભવાય છે. એનો એક આનંદ છે.

તું અંતરના તાર પરસતી, અંગુલિ કો રઢિયાળી

હે મા, તું તારી સુંદર કોમળ નાજુક અંગુલિ અમારા અંતરના તારે તારને સ્પર્શીને રણઝણાવી મૂકે છે ને પછી રંગેરગમાં તું પ્રસરી જાય છે.

તું તિમિરોના ઘણ વાળી લૈ કરત સદા રખવાળી



તારો સ્પર્શ અમારા અંધારાઘેરા જીવનમાં જામી પડેલા અજ્ઞાન ને અવિદ્યાના પડળોને પળવારમાં વિખેરી નાંખીને તું અમને તારી પ્રકાશિત ચેતનામાં લાવી મૂકે છે. તું જ અમારું પળેપળ રક્ષણ કરે છે.

તું માનસ અમ મુકુલિત કરતી,

હે મા, અમારા મનને તું પ્રફુલ્લિત કરી મૂકી દે, પુષ્પની જેમ ખીલતું કરી મૂકે છે તથા સૂર્ય પ્રકાશિત કિરણો વડે ઝળહળાં કરી દે છે. તારો યોગ બક્ષીને અમારા સામાન્ય મનને તું તેજોમનસમાં પલટાવી દે છે.

તું જીવનના વ્રણ પર વરસત, કોઇ અમીમય કરુણા

હે મા, તું અમારા જીવનમાં પડતા આઘાતો પર તારી અમૃતમય કરુણા વરસાવીને એને શાંત કરી નાંખે છે.

તું જીવનની ધન્ય ક્ષણોની ધાત્રી પ્રાણ પ્રદીપા

અમને જીવન મળ્યું છે એ જ ધન્ય ઘડી છે. એ ધન્ય ઘડીની ક્ષણોને ધારણ કરી તારા પ્રાણના પ્રકાશથી તું એને ભરી મૂકે છે.

તું કદમે કદમે પ્રજવળતી, અગ્નિ જયોત સજીવા

તું પરમ ચેતનામયિ અમારા જીવનના પગલે પગલે પ્રભુની અગ્નિમય ચેતના સાથે એકરૂપતા સાધી અમારા સૌ માટે અગ્નિજયોત બનીને તું અમને સૂર્ય પ્રકાશિત માર્ગે સહેલાઇથી પહોંચાડી દે છે.

તું નયનો પર પડદા ઢાળી, અન્ય નયન દેનારી

આ જે જગતને જોવાની અમારી અપૂર્ણ ને રાગદ્વેષ ભરેલી દ્રષ્ટિ છે તેના પર તું પડદો નાખી- જોવાનું બંધ કરાવીને તું અમને જગતને નૂતન દ્રષ્ટિએ જોવાની કોઇ દિવ્ય નૂતન દ્રષ્ટિનું પ્રદાન કરે છે.

તું જગમાં જગપાર અનંતે, અમ સંગે ઘૂમનારી

તું આ જગત ને જગતના તમામ વ્યવહારોથી પર છો ને એકમાત્ર દિવ્યજગત સાથે જ સંકળાયેલા છો. તથા અન્ય જગતોથી પર છો, તું અનંતા છો- જન્મોજન્મ

અમારી સાથે રહીને તું અમારું ધ્યાન રાખી રહી છો. અમોને અલૌકિક અનુભવ કરાવતી રહી છો.

તું આનંદ અનર્ગળ પ્રભુનો, ને પ્રભુની પર શકિત

હે મા, તારું આ જે સ્વરૂપ છે તે વિશ્વાતીત આનંદનું સ્વરૂપ છે, આનંદ એ સર્વોચ્ચ અવસ્થા છે. એ આનંદ શબ્દાતીત તે વાચાતીત દિવ્ય છે. મનથી કલ્પી શકાતો નથી એવો અનર્ગળ છે. જગતના સર્વે આનંદોથી ઉપર ઉઠાવી આ દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે. તેનું ભાન કરાવે છે. તથા આ આનંદની સમીપે તું અમને લઇ જવામાં મદદ કરે છે. અને તું આ રીતે પ્રભુની પરાશકિતરૂપે છો- અમને એમ જ થાય છે કે તું તો આ પ્રભુથી ય પરની શકિત તરીકે હોવા છતાં તું અમારી પાસે આવી છો.

તું ઋત સત્ સૌ ધારણ હારી, તું અંતિમ અમ મુકિત

ઓ મા, મારી મા, તું તારી આ જગતની અંદર કાર્ય કરી રહેલી ઋતચેતનાની એવી એક સજ્ઞાન અને સંકલ્પશકિત સાધકોની અંદર રેડી રહી છો. જે દ્વારા તે પોતાના સત્યો અમારી અંદર આપોઆપ પ્રગટ કરી રહી છો, સાકાર બનાવી રહી છો. તું જ આ પ્રભુના પરમ સત્‌ને ધારણ કરી રાખનારી તેમજ એ સત્‌ને અમારી અંદર પણ પ્રગટાવનારી છો.

તું અમ ચરણોની ગતિ, તું અમ નેત્ર તણી ધ્રુવ તારા

તું જ છે અમારા જીવનનું ચાલકબળ, ચરણોની ગતિ- અને જીવનની ગતિવિધિનું બળ- તું જ છે અમારા ચક્ષુઓની ધ્રુવ તારા જેવી વેધક શકિત. અમારા જન્મોજન્મની અંતિમ મુકિતદાયક છો. આ કારણ હે મા, પ્રભુ તો સ્વયં રસનો સાગર છે, રસોવૈસઃ પરમ રસનો લબ્ધિ છે. એમાંથી વહી આવતી તું એક પરમ ધારા છો. પ્રભુના પરમ પ્રેમની આ ધારાને અમારા જીવનની અંદર નિરંતર વહેવડાવતી રહેજે મા- આ અમારી પ્રાર્થના છે.

**હું માનવ માનવ થાઉં તો ઘણું**

**- સુન્દરમ**



# પારિજાતનું પુષ્પ

-સુન્દરમ્

શ્રી માતાજીની કૃપા પામ્યો તે અગાઉ, તે તબક્કે જે એક દિવ્ય સંચાર મારા અંતરમાં જાગ્રત થયો તેની થોડી વાત કહીશ.

મેં મારા જીવન-કાળ દરમ્યાન સાચા જીવનની હરહંમેશા ખેવના સેવી છે. મારો પુરુષાર્થ કેવળ વાસ્તવ, પરંતુ ઉચ્ચ અને શુદ્ધ જીવન પામું તે તરફ પ્રયત્નશીલ રહ્યો છે. એક દિવસ એક ચમત્કારે મારા મનમાં જીવનથી અજાણ્યા એવા તત્વનો સાકાર આધાર આપ્યો. તે હતો એક શક્તિનો પરિચય. મેં એક મિત્રને ત્યાં મહેમાનગતિ સ્વીકારેલી. તેઓ જૂના મિત્ર છે. સહજે તેઓ બોલ્યાં : આજે..... ભાઈને વિશ્વની આઠમી અજાયબી બતાવીએ.' તેમનાં પત્નીએ તે માટે સંમતિ આપી. હું કંઈ સમજી શક્યો નહિ. પરંતુ મને ધીરજપૂર્વક શું બને છે તે જોવાનું સૂચન મળ્યું.

એ મારા મિત્રનાં તદ્દન સાદાં અને સરળ પત્ની પોતે હાથ-મોઢું ધોઈ પૂજામાં બેઠાં. તેમની પ્રતિભામાં એક નવશક્તિનું જીવન અને તેજ હું અનુભવવા લાગ્યો. પૂજાની વિધિ સાથે તેઓ મને સંબોધીને બોલ્યાં : 'તમે

તમા પોતાના પાંચ પ્રશ્નો આ કાગળમાં લખો.' મેં તાત્કાલિક જે મારા મુખ્ય પ્રશ્નો હતા તે સહેજે લખી તેમની સમક્ષ ધર્યા. મને સૂચન થયું : 'તેની ગડી કરો.' મેં તેમ કર્યું અને ગડી જમીન પર મારી સામે મૂકી. અને બેચાર સેકંડમાં જ તેમણે કંઈક મંત્રોચ્ચાર કરી ઉપર પોતે લખતાં હોય તેવો અભિનય કર્યો. થોડીવાર પછી તેઓ સ્વસ્થ બન્યાં. પાણી વગેરે પી તેઓએ મને પેલો મારા પ્રશ્નો લખેલો પત્ર ખોલવા કહ્યું. મેં તે ખોલ્યો, અને જોઉં છું તો તે પ્રશ્નો સાથે તેમના હસ્તાક્ષરમાં ઉત્તરો લખાયેલા હતા. હું આશ્ચર્ય અને આનંદ અનુભવતો વાંચવા લાગ્યો. દરેક પ્રશ્નના તેની સામે ઉત્તરો હતા. તે ઉત્તરો ઘણા સાચા પડયા છે. ક્યાંક હજુ અફળ પણ રહ્યા છે.

આ બધું હોવા છતાં યે તે ચમત્કારમાંથી મને જે પ્રેરણા થઈ તે વધારે ઉન્નત હતી, તે હું આજે સમજી શકું છું. મેં ચમત્કારને અગત્ય આપી તે કરતાં યે વિશ્વમાં આવું તત્વ મોજૂદ છે તે હું સાક્ષાત્ કરી શક્યો. પણ મેં એ શક્તિને પૂર્ણ શક્તિ તરીકે ન સ્વીકારી. તેનાં કારણોમાં જે મારાં સ્નેહીઓએ મને વિશ્વની આઠમી અજાયબીમાં જે અજ્ઞાત તત્ત્વનો પરિચય આપ્યો તે મિત્રો જીવનની દ્રષ્ટિએ દુઃખી હતાં, આર્થિક રીતે પણ મુશ્કેલીમાં જ હતાં. મેં ગણિત કર્યું : આવી અગોચર શક્તિ છે એ ખરું, પરંતુ જો એ શક્તિ આવી પોતાની એક ભક્ત વ્યક્તિને તેના જીવનનાં સહજ સુખને પણ પૂર્ણ નથી કરી શકતી, તે શક્તિનો આધાર શા કામનો ? આવો પ્રશ્ન મારા મનમાં થયો.

પણ જગતમાં અગોચર તત્ત્વો છે તેનો તે ચમત્કારે મને ઘણો આધાર પૂરો પાડી આપ્યો. મેં મારા મન સાથે જ સંકલ્પ કર્યો, 'પ્રભુ, જો વિશ્વમાં આવી શક્તિઓ છે, તો તેમાંથી જે સર્વોપરી શક્તિ છે યા હોય તેને હું મારું જીવન સમર્પણ કરું છું. એ શક્તિ મને દોરો.' આવી એક ભાવના સાથે મેં મારા અંગત જીવનના સહજ રાગને વૈરાગ્ય તરફ વાળવા માંડયો. સાથે પૃચ્છા પણ શરૂ કરી કે, વિશ્વમાં કઈ એવી શક્તિ છે કે જે સર્વોપરી છે ? તેમના તરફથી જે સૂચન મળ્યું



તેને મેં સત્કાર્યું. મને કોઈએ કહ્યું : 'ગાયત્રી શક્તિ અતિ પવિત્ર શક્તિ છે. અભયને આપનારી છે.'

મેં તેનો સ્વીકાર કર્યો અને જે કંઈ મંત્રો મળ્યા તેને તે તબક્કે સ્મરણમાં સત્કાર્યો. પરંતુ મારું તાત્વિક લક્ષ્ય તો કેવળ સર્વોપરી-શક્તિને-આદિ શક્તિને, પામું તે હતું. આ દરમિયાન મને યોગવાશિષ્ઠ નામનું પુસ્તક જોવા મળ્યું. મેં તે વાંચવા માંડયું. એ સમયે મારા મનની શુદ્ધિ ઘણી આગળ વધી હતી તે હું આજે કહી શકું છું. સાથે યોગવાશિષ્ઠમાંથી જે કંઈ વાંચવા માંડયું તે સીધું જીવનમાં ઉતારવા પ્રયત્નશીલ પણ બન્યો. આ પછી ગીતાજી અને ઉપનિષદો પણ વાંચ્યા. હું ગીતાનું જીવન અનુભૂતિએ અનુભવતો હતો. મેં અસત્ય સામે પડકાર કર્યો હતો. અંદર અને બહારના વ્યવહારમાં એક જબરું દ્વંદ્વ ચાલવું શરૂ થયું હતું. સત્યનો વિજય થશે એવી ખાતરી સાથે હું કામ આગળ ધપાવી રહ્યો હતો.

આ દરમિયાન યોગની શક્તિ મારી પ્રકૃતિ અનુસાર મને તેનો સાક્ષાત્કાર આપતી આગળ ને આગળ ધપાવી રહી હતી. શરૂઆતના અનેક સાક્ષાત્કારોમાં આસનનું અધ્ધર હોવું - અનુભૂતિએ અનુભવવું, ચેતના-શક્તિનો પરિચય પામવો, પ્રકાશનાં દર્શન મેળવવાં, વિશ્વની એકતા અનુભવવી, ફુલો અને વૃક્ષો સાથે આત્મીયતા અનુભવવી, તેની સાથે વાતો કરવી વગેરે. આ તબક્કામાં એક ધન્ય પળે ધન્ય દિવસે શ્રી માતાજીની કૃપા પૂરેપૂરી ઊતરી. એ દિવસ હતો સને ૧૯૪૬ના ાએકટોબરની ૧ લી તારીખનો, વહેલી સવારે ૧.૧૫ મિનિટે. શ્રી માતાજીએ મારા તે વખતના નિવાસસ્થાને, બાજના ઓરડામાં જ્યાં આપ એક વખત આવી ગયા છો ત્યાં દર્શન આપ્યાં.

હું જીવનનું મહામૂલું ભાગ્ય પામ્યો. મારા જીવનનો તે સમયનો મહિમા

શું હોઈ શકે તે આપ કલ્પી શકશો. તે શક્તિના પુણ્યે મેં મારું રૂપાંતર થતું અનુભવ્યું. મારા જન્મોજન્મની અવિદ્યાની ગ્રંથિઓ બરફ અને ઘી ઓગળે એમ ઓસરતી અનુભવી. હું એક પૂર્ણ પારદર્શક બનતો રહ્યો. મેં એક પૂર્ણ ભાગવત જીવન અનુભવ્યું. મારા જીવનની સમસ્યા ભગવાને ઉકેલેલી મેં અનુભવી.

આ પછી એક અનિષ્ટે મારી પકડ લીધી. તેણે મારા ભાગવત જીવનમાં એક પ્રચુર રીતની યોજના આદરી. હું સાક્ષાત્કાર પામ્યો હતો, પરંતુ તે તબક્કે હું એક અધકચરો જ્ઞાની હતો. પેલા અનિષ્ટે મારા અજ્ઞાનને હાથમાં લીધું અને એક અનિષ્ટ પોતે શું કરી શકે તેની કલ્પના કરીએ તે કરતાં-વિશ્વના અનિષ્ટને તેના અસ્તિત્વનો સવાલ ઊભો થયો હોય ત્યારે તે ટકાવવા પોતે શું કરે તે જો કલ્પી શકીએ તો કંઈક તેની ભીષણ યોજનાનો કયાસ કાઢી શકાય. તેણે મારા ભૂતકાળને આગળ ધર્યો. તેણે ચમત્કારપૂર્વક શરૂઆત કરી. તેણે મારા જીવન દરમિયાન જે કંઈ વીસરાઈ ગયું હતું તેને સ્મરણમાં લાવી મને કહેવા માંડયું : 'જો તેં તો ફલાણે દિવસે આ પાપ કર્યું હતું. તેં તે વખતે આવું અસત્ય આચર્યું હતું.' આમ એની પ્રપંચ-પરંપરાએ મને ઘેરવા માંડયો. હું ઈશ્વરને પામવા માટે લાયક નથી આ મુદ્દો ઉપાડી તેણે મારી આખી સ્થિતિને ઘેરી લીધી. હું પામર અને લાચાર હોઉં તેમ અનુભવવા માંડયો. પરિણામે મારો સાક્ષાત્કાર ગૌણ થયેલો અનુભવતાં જડતાથી ઘેરાયેલો માણસ શી સ્થિતિ અનુભવે તેની કલ્પના કરવાની રહે છે. પરંતુ હું આ સાથે અંતરમાં એક અખંડ ચેતનાનો અનુભવ કરી રહ્યો હતો. મને એમાંથી એક તાત્વિક આધાર મળ્યો : મને પ્રભુમાં શ્રદ્ધા રાખવા કહે છે તે કોણ છે તે કોણ છે ? અને પ્રભુના નામે જ મને દુઃખ આપે છે, ગાળો બોલે છે, મને જકડી લે છે તે કોણ છે ? આ વિસંવાદી પરિસ્થિતિએ મને જાગ્રત કર્યો.

અનિષ્ટે તેની ભીષણતાનો ક્યાં સુધી પરચો આપ્યો તેનું બ્યાન અશક્ય



છે. તેણે તેની છેલ્લી હદ સુધી મારા ઉપર હલ્લો કર્યો. હું અંદરની ચેતનાનો પ્રેર્યો તેને જાકાર આપી રહ્યો હતો, બળપૂર્વક તેનો સામનો કરી રહ્યો હતો. આમ અખંડ ત્રણ માસ સુધી મેં એક મહા યુદ્ધ ખેલ્યું. તે યુદ્ધના ત્રણ તબક્કા છે. એક મારી માંદગીનો, તે પછીનો મારા જન્મદિવસનો, ૨૨મી ફેબ્રુઆરીએ, શ્રી માતાજીની કૃપા ઊતર્યાનો તેમના વિજયનો. અને ત્રીજો ત્યાર પછીનો.

આ દરમિયાન મારા કાર્યમાં મને સહાયતા કરવામાં અન્ય દેવો-ગાયત્રીથી માંડીને સૂર્ય, મહેશ્વરી, મહાકાલી, લક્ષ્મી, સરસ્વતી, વિષ્ણુ, બ્રહ્મા, ગણેશ, રામ, હનુમાન આદિ હતા. તેમના આધારે હું ટકી રહ્યો હતો. પરંતુ ૨૧ મી ફેબ્રુઆરીએ હું એ અઘોર સ્થિતિમાંથી શ્રી માતાજીની કૃપાએ જાગ્રત બની સૂર્યના પ્રકાશને જોઈ શક્યો, પક્ષીઓ અને પવનને અનુભવી શક્યો, અમુક માનવોને દેવોના સ્વરૂપમાં અનુભવવા લાગ્યો. એ શ્રી માતાજીની શક્તિનું કાર્યહતું. એ તબક્કો અસુરના સંહારનો હતો. સંહાર પછીના શ્વાસનો હતો. આ શ્વાસ અનુભવાય ત્યાં અનિષ્ટે ફરી ઘેરો ઘાલ્યો. તેની યોજનાઓ અમલમાં આવવા માંડી. તેણે મને ગૂંચવી નાખી મારાં નિદ્રા અને ભોજનને વિકૃત કરી દીધાં.

આ તબક્કે પણ બે તત્વો મિશ્ર સ્થિતિમાં હતાં. તેનું આજે આમ પૃથક્કરણ કરી શકાય. એ જ્ઞાન અને અજ્ઞાનની, અસુર અને દેવત્વની મિશ્ર સ્થિતિ હતી. મધ અને દીવેલ મળીને એકરસ થઈ ગયાં હોય અને તેમાંથી મધને જુદું તારવવું જેટલું સમસ્યા રૂપ હોય તેટલું તે વખતે તે કાર્ય અઘરું અને અશક્ય જેવું ભાસતું હતું. એ સ્થિતિમાંથી શરૂ કરી એક સમયે, એટલે કે માંદગીની શરૂઆતથી ત્રીજે મહિને, ચૈત્રની રામનવમીને સવારે શ્રી માતાજીએ એ જડને ડામી દઈને છેક ઉપરના સ્તર પર આવી સામાન્ય ચેતના સાથે એકરૂપ થઈ તેઓ બોલ્યાં : 'તું મારામાં શ્રદ્ધા રાખ. હું તને જરૂર

બંધનમાંથી મુક્ત થયો હતો તેમ એક મુક્ત આનંદમયી સ્થિતિ અનુભવવા લાગ્યો. જાણે મારામાં પ્રાણ અનુભવાયો, આનંદનો આધાર મળ્યો. હું જાણે જાગ્રત સ્વપ્ન અનુભવતો હોઉં તેમ અનુભવવા લાગ્યો. શ્રી માતાજીએ આગળ કહેવા માંડયું : 'તું મારામાં વિશ્વાસ રાખ. હું તારી માતા છું.' મારા આનંદનો સ્ત્રોત ઝરવા લાગ્યો. હું જ્ઞાનયુક્ત થવા લાગ્યો. મને પ્રશ્ન થયો, આ ભાવ અને અગાઉ જે અનુભવ્યું તેમાં આટલો ફેર કેમ ? શ્રી માતાજી આગળ બોલ્યાં : 'જો ! તારા મનમાં જે એકદ્વંદ્વ ચાલી રહ્યું છે તે તું મારા શરણે ધર.' એ મારી અંગત બાબત હતી. હું ક્ષોભ અને ધર્મનો પ્રેર્યો ધર્મ અને ફરજને આગળ ધરવા લાગ્યો. શ્રી માતાજીએ આગળ પ્રશ્ન મૂક્યો અને કહ્યું : 'જો, જે પરિસ્થિતિ છે તેમાં તું શું કરી શકીશ ? હું સ્વસ્થ બનતો રહ્યો. અને મારી ફરજને આગળ ધરતાં બોલ્યો : 'આમાં શું કરવું તે મને સમજાતું નથી.' શ્રી માતાજીએ મારા જીવનની આખી સ્થિતિને માત્ર સમર્પણ રૂપે ધરી દેવા કહ્યું. હું તે કરવા પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ જીવન અને જીવનનો ધર્મ દૂર કરતાં હું અચકાતો હતો. અને શ્રી માતાજીએ મારી સારી યે પરિસ્થિતિને વિના ક્ષોભે તેમને શરણે ધરી દેવા કહ્યું. મેં ક્ષોભ સાથે મારી અંગત બાબતો તેમની આગળ ધરી, એમનું શરણ સ્વીકાર્યું. અને શ્રી માતાજીએ આશિષ આપ્યા : 'તારું દુઃખ આજથી ક્રમે ક્રમે ઓછું થતું જશે. હું તને રોજ જ્ઞાન આપીશ.' મારા જીવનના એક કાળા કારમા તબક્કા પછી જીવનનો નવ સંચાર હું અનુભવી રહ્યો હતો. હું જડતામાંથી મુક્ત થઈ રહ્યો હતો. શ્રી માતાજીએ મારા મનમાં ચાલેલા દ્વંદ્વના મુદ્દાને હાથમાં લઈ મારી સમક્ષ બે શરતો મૂકી. તે મુદ્દો હતો મારા અંગત જીવનનો. એક તરફી યોગની અનુભૂતિ વિચારતાં જીવનમાં સંસારને સ્વીકારવો તે યોગની પ્રણાલિકાનુસાર યોગભ્રષ્ટ થવા જેવું હતું. બીજી બાજુથી જીવનનો સ્વીકાર, મારો આદર્શ ધર્મ સામે પડયો હતો. આ દ્વંદ્વના તબક્કે શ્રી માતાજીએ ઉપર કહ્યો તે આધાર આપી મને ઉદ્ધારવા કાર્યરત બન્યાં. અને



મારી જે ગ્રંથી હતી તેને ગાળવાની શરૂઆત કરી. હું જોતજોતામાં તેનાથી તદ્દન મુક્ત બની રહ્યો.

અહીં છેલ્લે એક વાત નોંધીશ કે યોગ તરફ વળવા પૂર્વે મેં માત્ર એક સાચા માનવને યોગ્ય એવું જીવન મળે તે હેતુએ જ પ્રભુને સાચા અંતરે પ્રાર્થના કરી હતી. વાસ્તવમાં મેં જેનો ઉપર ઉલ્લેખ કર્યો તે સાક્ષાત્કારના તબક્કા પછી પણ હું યોગ કરી રહ્યો છું તેવું ભાન મને સામાન્ય રીતે નહોતું થયું. વળી ઉપર મેં મારા ઓરડામાં શ્રી માતાજીનાં દર્શનનો ઉલ્લેખ કર્યો તે, તેમનાં ત્યાર પછી અગિયારમે મહિને પોંડિચેરી આવી દર્શન કર્યાં ત્યારે થયું કે આ તો શ્રી માતાજી પોતે હતાં. આ પૂર્વે તે દર્શન સૂર્યની આદિ શક્તિ ભગવતી ગાયત્રીનાં ધારતો હતો. પરંતુ શ્લોકમાં ભગવતી ગાયત્રીનું જે સ્વરૂપ વર્ણન છે તેની સાથે મને થયેલા તે સાક્ષાત્કારના રૂપનો કોઈ મેળ ખાતો નહોતો. એ ઉકેલ ઉપર કહ્યું તેમ શ્રી માતાજીનાં દર્શનથી જ પામી શક્યો.

...કદાચ આપને નવાઈ લાગશે, પરંતુ અત્યાર સુધી શ્રી માતાજીએ જે કંઈ વસ્તુઓ કહી છે તેમાંની ઘણીએક મેં હકીકત રૂપે સિદ્ધ થતી અનુભવી છે, આવો એક દાખલો આપીશ અમારા બાગમાં પારિજાતનાં વૃક્ષો છે. પારિજાતનો અને મારો સંબંધ મેં એક આત્મતત્વ સ્વરૂપે અનુભવ્યો છે. ત્રણેક વરસ ઉપર એક અતિપવિત્ર ભાવ મારા અંતરમાં સહેજે જાગ્યો. એક એવો વિચાર સ્ફૂર્યો કે, 'આ વૃક્ષોનાં ફૂલો હરહંમેશા ઊતરે તો કેવું સારું !' એ ફૂલો હંમેશા હું શ્રી માતાજી અને શ્રી અરવિંદની પૂજામાં ધરતો. આ એક શુભ ભાવ આજે વાસ્તવમાં સિદ્ધ થયો છે. આ આવા અનેક દાખલા છે. આ રીતે જોવા મારે કેવળ તટસ્થ ભાવે શું બને છે તે જોતા રહેવાનું છે.

દક્ષિણા : એપ્રિલ, ૧૯૫૨